પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૨૧૪ • કુલ પાના : ૪ • તારીખ : ૦૩-૦૫-૨૦૨૩ બુધવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૬૬ ટકા પરિણામ જાહેર

# ધો.૧૨ સાયન્સમાં ગત વર્ષ કરતા ૬.૪૪ ટકા રિઝલ્ટ ઓછું, મહેનત પ્રમાણે ધાર્યુ પરિણામ ન આવ્યું,વિદ્યાર્થીઓ નિરાશ

અમદાવાદ,

ધોરણ ૧૨ સાયન્સનું વર્ષ ૨૦૨૩નું બોર્ડનું પરિણામ આજે જાહેર થયું છે. બોર્ડના પરિણામની સાથે ગુજકેટની પરીક્ષાનું પણ પરિણામ જાહેર થયું છે. ધો.૧૨ સાયન્સનું કુલ ૬૫.૫૮ ટકા પરિણામ જાહેર થયું છે. એ ગ્રુપમાં ૭૨.૨૭ ટકા અને બી ગ્રુપમાં ૬૧.૭૧ ટકા પરિણામ આવ્યું છે. સૌથી વધુ ૯૦.૪૧ ટકા સાથે હળવદ કેન્દ્ર પ્રથમ નંબરે છે અને લીમખેડા કેન્દ્રનું સૌથી ઓછું ૨૨ ટકા રિઝલ્ટ આવ્યું છે. સૌથી વધુ ૮૩.૨૨ ટકા પરિણામ સાથે મોરબી જિલ્લો પ્રથમ છે. ગુજરાતી માધ્યમનું ૬૫.૩૨ ટકા અને અંગ્રેજી માધ્યમનું ૬૭.૧૮ ટકા પરિણામ આવ્યું છે. ગત વર્ષ કરતા આ વર્ષે ૬.૪૪ ટકા પરિણામ ઘટ્યું છે. કેમિસ્ટ્રી અને ફિઝિક્સના પેપર અઘરા નીકળતા વિદ્યાર્થીઓને ધાર્યા પરિણામ આવ્યા નથી. આથી વિદ્યાર્થીઓને આ બન્ને વિષયે રડાવ્યા છે. વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, મહેનત પ્રમાણે ધાર્યું પરિણામ આવ્યું નથી.પરિણામ આવતા વિદ્યાર્થીઓ જણાવ્યું હતું કે, આ વર્ષે અઘરા પેપરને



લઈને પરિણામ ધાર્યા કરતા ઓછું આવ્યું છે. અમે બહુ મહેનત કરી હતી, પરંતુ પરિણામને લઈને થોડું દુખ થયું છે. આ વખતે ફિઝિક્સ અને કેમેસ્ટ્રી ખૂબ હાર્ડ પેપર હતું. પરિણામને લઈને વિદ્યાર્થીઓમાં ખુશી સાથે થોડું દુખ પણ જોવા મળ્યું હતું.

વિદ્યાર્થીઓ તેમનુ પરિણામ બોર્ડની વેબસાઈટ ઉપર જોઈ શકાયુ હતું.બોર્ડ દ્વારા પહેલીવાર વોટ્સએપ નંબર ઉપર પણ પરિણામ આપવામાં આવ્યું છે.જે ધોરણ ૧૨ સાયન્સનું વર્ષ ૨૦૨૩ની બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર થઈ ગયુ છે. ગત વર્ષની સાપેક્ષે આ વર્ષે પરિણામ ઓછુ આવ્યુ છે. વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૬૬% આવ્યુ છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના નિયમિત વિદ્યાર્થીઓનું ૬૬.૩૨ ટકા અને નિયમિત વિદ્યાર્થીનીઓનું પરિણામ ૬૪.૩૨ ટકા આવ્યુ છે.આ વર્ષે ૮૩.૨૨ % સાથે મોરબી પ્રથમ સ્થાને આવ્યુ છે. જ્યારે દાહોદ જિલ્લાનું પરિણામ ૨૨ % સાથે છેલ્લા ક્રમે આવ્યુ છે. ૯૦. ૪૧ ટકા સાથે સૌથી વધારે પરિણામ ધરાવતુ કેન્દ્ર હળવદ બન્યુ છે. આ સાથે જ રાજકોટમાં ૮૨ % જેટલુ પરિણામ આવ્યુ છે.આ વર્ષે કુલ ૨૭ શાળાઓનું પરિણામ ૧૦૦ ટકા આવ્યુ છે. જ્યારે ૧૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી કુલ ૭૬ શાળાઓ છે. અંગ્રેજી માધ્યમનું પરિણામ ૬૭.૧૮ ટકા જાહેર થયું છે. જ્યારે ગુજરાતી માધ્યમનું પરિણામ ૬૫.૩૨ ટકા જાહેર થયુ છે. જ્યારે છ ગ્રૂપના ઉમેદવારોનું ૭૨.૨૭ ટકા પરિણામ આવ્યુ છે. બી ગ્રૂપના ઉમેદવારોનું ૬૧.૭૧ ટકા પરિણામ આવ્યુ છે. આ ઉપરાંત છભ ગ્રૂપના ઉમેદવારોનું ૫૮.૬૨ ટકા પરિણામ જાહેર થયુ છે. આ વર્ષે ગેરરીતિના કુલ ૩૫ કેસ સામે આવ્યા હતા.

ગુજરાતમાં ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરીક્ષાઓ માર્ચ મહિનામાં લેવામાં આવી હતી. જેમાં રાજ્ય ભરમાંથી કુલ ૧૬.૫૦ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી. ધોરણ ૧૦ બોર્ડમાં ૯,૫૬,૭૫૩, ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૫,૬૫,૫૨૮, ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧,૨૬,૮૯૬, સંસ્કૃત પ્રથમના ૬૪૪, ઉ.ઉ. બુનિયાદી પ્રવાહના ૪,૩૦૫, વ્યવસાયલક્ષી પ્રવાહના ૭૯૩ જ્યારે સંસ્કૃત માધ્યમના ૭૩૬ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જીએસઈબી ધોરણ ૧૦ ની પરીક્ષા ૨૦૨૩ માર્ચ ૧૪ અને ૨૮, ૨૦૨૩ ની વચ્ચે પરીક્ષા લેવામાં આવી હતી. જ્યારે **GSEB** ધોરણ ૧૨ ની પરીક્ષા ૨૦૨૩ વિજ્ઞાન પ્રવાહ માટે ૧૪ થી ૨૫ માર્ચ, ૨૦૨૩ અને સામાન્ય પ્રવાહ માટે માર્ચ ૧૪ થી ૨૯, ૨૦૨૩ ની વચ્ચે આયોજિત કરવામાં આવી હતી.રાજ્યમાં ૩ એપ્રિલના રોજ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ એન્જિનિયરિંગ અને ફાર્મસીમાં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષા આપી હતી. રાજ્યભરમાંથી વિજ્ઞાન પ્રવાહના ગ્રુપ છ, બી અને ગ્રુપ એબીના અંદાજે ૧,૨૫,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી. વિદ્યાર્થીઓએ ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી એમ ત્રણ માધ્યમમાં પરીક્ષા આપી હતી.ધો.૧૨ સાયન્સના રિઝલ્ટ જાહેર થયું છે તેમાં નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ- ૬૬.૩૨ ટકા,નિયિમિત વિદ્યાર્થિનીઓનું પરિણામ - ૬૪.૬૬ ટકા,હળવદ સૌથી વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર- ૯૦.૪૧ ટકા,લીમખેડા સૌથી ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર-૨૨ ટકા, સૌથી વધુ પરિણામ ધરાવનાર જિલ્લો મોરબી- ૮૩.૨૨ ટકા,સૌથી ઓછું પરિણામ ધરાવનાર જિલ્લો દાહોદ-૨૯.૪૪ ટકા, ૧૦૦ ટકા પિરણામ ધરાવતી શાળાઓની સખ્યા- ૨૭, ૧૦ ટકા કે તેથી ઓછું પિરણામ ધરાવતી શાળાઓની સંખ્યા- ૭૬,એ૧ ગ્રેડ સાથે પ્રમાણપત્ર મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા- ૬૧,એ૨ ગ્રેડ સાથે પ્રમાણપત્ર મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા-

### મોરબી પ્રથમ તો દાહોદ છેલ્લા ક્રમે,ગુજરાતી માધ્યમનું પરિણામ ૬૫.૩૨ ટકા જાહેર થયું છે તો અંગ્રેજી માધ્યમનું પરિણામ ૬૭.૧૮ ટકા જાહેર

૧,૫૨૩,અંગ્રેજી માધ્યમમાં વિદ્યાર્થીઓના પરિણામની ટકાવારી- ૬૭.૮ ટકા,ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓના પિરણામની ટકાવારી- ૬૫.૩૨ ટકા,એ ગ્રૂપમાં ઉમેદવારોના પરિણામની ટકાવારી- ૭૨.૨૭ ટકા,બી ગ્રૂપમાં ઉમેદવારોના પરિણામની ટકાવારી- ૬૧.૭૧ ટકા,એબી ગ્રૂપમાં ઉમેદવારોના પરિણામની ટકાવારી- ૫૮.૬૨ ટકા,પ્રમાણપત્ર મેળવવાને પાત્ર ઉમદવારોની સંખ્યા- ૭૨,૧૬૬ રહી છે. જયારે વિષયવાર પરિણામની ટકાવારી જોઈએ તો ગુજરાતી (એફએલ) ૯૯.૯૨,હિન્દી (એફએલ)૧૦૦, મરાઠી (એફએલ) ૯૯.૩, ઉર્દુ (એફએલ) ૧૦૦, અંગ્રેજી (એફએલ)૯૮.૧૬,ગુજરાતી (એફએલ)૧૦૦,હિન્દી (એસએલ) ૯૯.૫ અંગ્રેજી (એસએલ) ૯૪.૮૧,ગણિત ૭૮.૫ કેમિસ્ટ્રી ૬૭.૧૪,ફિઝીક્સ ૬૬.૨૯, બોયોલોજી ૭૩.૬૩,સંસ્કૃત ૯૬.૫૩, એરેબિક, ૧૦૦, કોમ્પ્યુટર ૮૭.૨૪ ટકા આવ્યું છે સમગ્ર રાજ્યમાં ૧.૨૫ લાખ વિદ્યાર્થીએ બોર્ડની પરીક્ષા આપી હતી. ૧૪ માર્ચથી ૨૯ માર્ચ સુધી બોર્ડની પરીક્ષા ચાલી હતી, જેનું પરિણામ ૧ મહિના બાદ એટલે કે આજે ૨ મેના રોજ જાહેર થયું છે. આજે માત્ર ઓનલાઈન પરિણામ જાહેર થયું છે, ત્યાર બાદ ૩ દિવસ પછી સ્કૂલમાંથી માર્કશીટ આપવામાં આવશે.માર્ચ મહિનાની ૧૪મી તારીખથી ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા લેવામાં આવી હતી. ત્યારે આ વર્ષે આશરે ધોરણ ૧૦-૧૨ બોર્ડની પરીક્ષામાં ૧૬.૫૫ લાખ જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જોકે ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓની વાત કરીએ તો ઈજનેરી કરતાં મેડિકલ લાઈનમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધારે છે. આ વર્ષે રાજ્યના ૮૩ ઝોનમાં ૧૬૨૩ કેન્દ્રોમાં ૫૫૪૧ બિલ્ડિંગમાં ૫૬૬૩૩ બ્લોકમાં પરીક્ષા લેવામાં આવી હતી.

૨૦૨૨માં ધો.૧૨ સાયન્સમાં ૭૨.૦૨ ટકા પરિણામ આવ્યું હતું. જેમાં સૌથી વધુ પરિણામ ૯૬.૧૨ ટકા સાથે લાઠી કેન્દ્ર હતું. સૌથી ઓછું ૩૩.૩૩ ટકા સાથે લીમખેડા કેન્દ્રમાં પરિણામ આવ્યું હતું. સૌથી વધુ ૮૫.૭૮ ટકા પરિણામ ધરાવતો જિલ્લો રાજકોટ હતો. જ્યારે ઓછું ૪૦.૧૯ ટકા પરિણામ ધરાવતો જિલ્લો દાહોદ હતો. ૧૦૦ ટકા પરિણામ ધરાવતી સ્કૂલની સંખ્યા ૬૪ હતા અને ૧૦ ટકા કરતા ઓછું પરિણામ ધરાવતી સ્કૂલની સંખ્યા ૬૧ હતી. ૨૦૦૨માં ધો.૧૨ સાયન્સના પરિણામમાં એ પ્લસ ગ્રેડ ધરાવનાર વિદ્યાર્થીની સંખ્યા ૧૯૬ હતી. જ્યારે એ ૨ ગ્રેડ ધરાવનાર વિદ્યાર્થીની સંખ્યા ૩૩૦૩ હતી.

# સુદાનમાં મોત જોઈને વતન પરત ફર્યા ગુજરાતીઓ, હર્ષ સંઘવીએ તમામને આવકાર્યા

અમદાવાદ,

ઓપરેશન કાવેરી અંતર્ગત આજે વધુ ભારતીયોને દેશમા લાવવામા આવ્યા છે. ૨૩૧ ભારતીયો યુદ્ધગ્રસ્ત સુદાનથી સુરક્ષિત સ્વદેશ પહોંચ્યા છે. સાઉદીના જેદ્દાહ એરપોર્ટથી અમદાવાદ એરપોર્ટ પહોંચ્યા હતા. જોકે, સ્વદેશ પરત ફરેલા તમામ પ્રવાસીઓ ગુજરાતના છે. ત્યારે ઓપરેશન કાવેરીમાં સુદાનથી આવેલા ગુજરાતીઓએ એરપોર્ટ પર પોતાની વ્યથા વર્ણવી હતી કે, વેપાર, ધંધા, મિલકત બધું છોડીને આવ્યા છીએ. તો બીજી તરફ, પ્રવાસીઓના આગમનને લઈને રાજ્યે આરોગ્ય વિભાગે એલર્ટ જાહેર કર્યું છે.

રાજ્ય સરકાર અને એએમસીની હેલ્થ ટીમ એરપોર્ટ પર ડિપ્લોઈ કરાઈ છે. તમામ પ્રવાસીઓનો કોરોના ટેસ્ટ કરવામાં આવનાર છે, અને પોઝિટિવ આવેલા પ્રવાસીઓ માટે કરાઈ ક્વોરોનટાઈનની વ્યવસ્થા કરવામા આવી છે. ઈન્ટરનેશનલ ટર્મિનલ ખાતે એમ્બ્યુલન્સ, એસટીની વોલ્વો બસ સહિતની તમામ વ્યવસ્થા કરાઈ હતી. તો ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી ખુદ પ્રવાસીઓને આવકારવા ઉપસ્થિત રહ્યા હતા.

અમદાવાદ ઈન્ટરનેશનલે એરપોર્ટ પર સુદાનથી આવેલા લોકોનું સ્વાગત કરાયુ હતું. ઈન્ડિગો ફ્લાઈટમાં સવારે ૧૦.૧૫ કલાકે તમામ લોકો અમદાવાદ એરપોર્ટ પહોંચ્યા હતા. ત્યાર બાદ અમદાવાદ જિલ્લા અરોગ્યની ટિમ અને એએમસીની અરોગ્ય ટિમ દ્વારા સ્કેનિંગ કરવામાં આવ્યું હતું. વેકસીન લીધેલ છે તેવા લોકોને પોતાના ઘરે જવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. અને જે લોકોને ક્વોરોન્ટાઈ માટેની જરૂર છે તેવા લોકો માટે હોટલ બુક કરવામાં આવી છે. જે લોકો બીમાર છે તેને એમ્બ્યુલન્સ મારફતે ઘરે પહોંચાડવામાં આવ્યા છે. તેમજ અમદાવાદ એરપોર્ટથી એસટી નિગમને બસ વ્યવસ્થા કરી હતી.

સુદાનથી પરત આવેલા મુસાફર ભુપેન્દ્ર કોઠારીએ જણાવ્યું કે, સુદાનમા અરાજકતા ખૂબ છે. રેસ્ક્યુ કરીને સલામત પરત આવ્યા છીએ. આ માટે હું સરકારનો આભાર માનું છું. તો અન્ય એક મુસાફર મીત ગાંધીએ જણાવ્યું કે, અમે રિસ્ક સાથે આવ્યા છીએ. સુદાનમાં ખરાબ હાલત છે. ૨૯ એપ્રિલના રોજ અમે નીકળ્યા હતા. આર્મી કેમ્પ પાસે પહોંચ્યા બાદ અમે રાહતનો શ્વાસ લીધો હતો. ત્યાં લોકોએ જેલ તોડી નાંખી છે. લૂંટફાટ થઈ રહી છે.

# કેરળના મલપ્પુરમમાં વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો, તાજેતરમાં PM મોદીએ લીલી ઝંડી બતાવી હતી

મલપપ્પુરમ,

કેરળમાં વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો કરવામાં આવ્યો છે. સ્થાનિક પોલીસે જણાવ્યું કે ટ્રેન મલપ્પુરમ જિલ્લાના તિરુનાવાય અને તિરુર વચ્ચેથી પસાર થઈ રહી હતી ત્યારે તેના પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેરળમાં વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી. રેલ્વે અધિકારીઓએ પથ્થરમારાની જાણ સ્થાનિક પોલીસને કરી હતી. પોલીસે જણાવ્યું કે પથ્થરમાર્યા બાદ ટ્રેન દોડતી રહી, આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી.

સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર, ટ્રેન પર પથ્થરમારાની ઘટના સાંજે લગભગ ૫ વાગ્યે બની હતી, ત્યારબાદ રેલવે અધિકારીઓએ



સ્થાનિક પોલીસને તેની જાણ કરી હતી. પોલીસે જણાવ્યું કે પથ્થરમાર્યા બાદ ટ્રેન દોડતી રહી, આ ઘટનામાં કોઈને ઈજા થઈ નથી.

પોલીસે જણાવ્યું હતું કે બદમાશોને શોધવા માટે તપાસ કરવામાં આવી રહી છે. પ્રારંભિક અહેવાલો અનુસાર, પથ્થરોથી ટ્રેનની કેટલીક બારીના કાચના કાચ પર નાના ઉઝરડા પડ્યા છે.

ઉલ્લેખનીય છે કે, આ પહેલીવાર નથી જ્યારે વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો થયો હોય. અત્યાર સુધી વિવિધ રાજ્યોમાં આવી અનેક ઘટનાઓ બની છે. કેટલાક પ્રસંગોએ ટ્રેન પર પથ્થરમારો કરનારાઓ પણ પકડાયા હતા. આને ધ્યાનમાં રાખીને, દક્ષિણ મધ્ય રેલવેએ માર્ચ મહિનામાં ચેતવણી આપી હતી કે હવે વંદે ભારત ટ્રેનો પર પથ્થરમારો કરનારાઓને પાંચ વર્ષ સુધીની સજા થઈ શકે છે. સાઉથ સેન્ટ્રલ રેલ્વે (**SCR**) એ એક પ્રેસ રીલીઝમાં કહ્યું કે ટ્રેનો પર પથ્થરમારો કરવો એ ગુનો છે. રેલવે એક્ટની કલમ ૧૫૩ હેઠળ અપરાધીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.


આ વખતે મામલો બિહારના કટિહાર વિભાગનો છે. તાજેતરમાં બિહારથી શરૂ થયેલી આ ટ્રેન પર પથ્થરમારાને કારણે બોગી નંબર ઝ-૬ની જમણી બાજુની બારીના કાચ તૂટી ગયા છે. આ પછી ટ્રેન લાંબા સમય સુધી ઉભી રહી હતી. માહિતી મળતાં જ જીઆરપી અને આરપીએફની ટીમો ઘટનાસ્થળે પહોંચી, મામલાની તપાસ કરી અને પછી ટ્રેનને આગળ મોકલવામાં આવી.

# મે મહિનાના અંતિમ સપ્તાહમાં ધોરણ ૧૦નું પરિણામ આવી શકે છે

ગાંધીનગર,

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા માર્ચ મહિનામાં પૂરી થઈ હતી. આજે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ શિક્ષણ મંત્રી કુબેર ડીંડોરે જાહેર કર્યું હતું. પત્રકારો સાથેની વાતચીત દરમિયાન તેમણે જણાવ્યું હતું કે, મે મહિનાના અંતિમ સપ્તાહમાં ધોરણ ૧૦નું પરિણામ આવી શકે છે.

રાજયમાં પરીક્ષા પૂર્ણ થતાં પેપર ચકાસણીની કામગીરી હવે પૂર્ણ થઈ ગઈ છે અને ડેટા એન્ટ્રીની કામગીરી ચાલી રહી છે. જે પૂરી થતા



મે મહિનામાં ધો.૧૦-પરિણામ આવી શકે છે. જે અનુસાર, મે મહિનાના પ્રથમ સપ્તાહમાં ધો.૧૨ સાયન્સનું પરિણામ જાહેર કરવાનો નિર્ધાર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા કરવામાં આવ્યો હતો તે મુજબ ગત વર્ષ કરતા ૧૦ દિવસ વહેલું પરિણામ આવી ગયું છે.

સુત્રોનું માનીએ તો ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ મે મહિનાના ત્રીજા સપ્તાહમાં જ્યારે ધોરણ ૧૦નું પરિણામ મે મહિનાના અંતિમ સપ્તાહમાં જાહેર થઈ શકે છે. તમામ પરિણામ ગુજરાત બોર્ડની વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે અને ત્યાર બાદ વિદ્યાર્થીઓને માર્કશીટ આપવામાં આવશે.


ધોરણ ૧૦ની ઉત્તરવહીની મૂલ્યાંકનની કામગીરી માટે રાજ્યમાં ૧૬૩ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો નિર્ધારિત કરવામાં આવ્યા છે. આ કેન્દ્ર પર ૨૮,૦૦૦ શિક્ષકો મૂલ્યાંકનની કામગીરી કરી હતી. હાલ ડેટા એન્ટ્રીની કામગીરી ચાલી રહી છે. ધોરણ ૧૦ અને ૧૨ સાયન્સ તથા ૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૫ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

પરીક્ષા પૂર્ણ થતાં ઉત્તરવહી મૂલ્યાંકનની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ કામગીરી પણ પૂરી થઈ છે.હવે ડેટા એન્ટ્રી સંપૂર્ણ થયા બાદ મે મહિનામાં અંતિમ દિવસોમા ધો.૧૦ થી ૧૨ના પરિણામ જાહેર કરવામાં આવશે. એટલે આ વખતે વિદ્યાર્થીઓને પરિણામ વહેલું આવતા સમય વધુ મળશે.

# છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩,૩૨૫ નવા કેસ નોંધાયા, એક્ટીવ કેસની સંખ્યા ૪૪,૦૦૦ને પાર

નવીદિલ્હી,

છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૩,૩૨૫ નવા કેસ નોંધાયા છે. બીજી તરફ, દેશભરમાં એક્ટીવ કેસની વાત કરીએ તો તે ૪૪,૧૭૫ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૬,૩૭૯ લોકો કોરોનાથી સાજા થયા છે. અત્યાર સુધીમાં કુલ ૪.૪૩ કરોડ લોકો કોરોનાથી સાજા થયા છે. બીજી તરફ, દૈનિક સકારાત્મકતા દર વિશે વાત કરીએ તો, તે ૨.૨૯% છે અને સાપ્તાહિક સકારાત્મકતા દર ૩.૮૭% છે. દેશમાં કોરોના રિકવરી રેટ ૯૮.૭૨ ટકા છે.



તે જ સમયે, દેશવ્યાપી કોરોના રસીકરણ હેઠળ, અત્યાર સુધીમાં કુલ ૨૨૦.૬૬ કરોડ રસી આપવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં ૨,૧૮૦ રસી આપવામાં આવી હતી. દેશમાં અત્યાર સુધીમાં ૯૨.૬૯ કરોડ લોકોના ટેસ્ટ કરવામાં આવી છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧.૪૫ લાખ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

# તિહાર જેલમાં ગેંગ વોર, કુખ્યાત ગેંગસ્ટર ટિલ્લુ તાજપુરિયાની હત્યા

નવીદિલ્હી,

ગેંગસ્ટર ટિલ્લુ તાજપુરિયા (સુનીલ)ની તિહાર જેલમાં હત્યા કરવામાં આવી હતી. તિલ્લુ તાજપુરિયા પર રોહિણી કોર્ટમાં જીતેન્દ્ર ગોગીની હત્યા કરાવવાનો આરોપ હતો. તિહાર જેલમાં બંધ ટિલ્લુ તાજપુરિયાની હત્યા કરવામાં આવી છે. હરીફ ગેંગના લોકોએ આ હત્યા કરી છે. યોગેશ ટુંડા અને તેના સાગરિતોએ લોખંડના સળિયા વડે હુમલો કર્યો હતો. ગંભીર રીતે ઘાયલ ટિલ્લુને સવારે ૦૬:૩૦ વાગ્યે ડીડીયુ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતો, જ્યાં ટિલ્લુ તાજપુરિયાનું મૃત્યુ થયું હતું. મળતી માહિતી મુજબ, ટીલ્લુ તાજપુરિયાનું સવારે સાડા છ વાગ્યે ડીડીયુ હોસ્પિટલમાં નિધન થયું હતું.



ટિલ્લુ પર હુમલો કરનાર બદમાશનું નામ યોગેશ ટુંડા છે. આ હુમલામાં યોગેશના સાથીઓએ પણ તેને સાથ આપ્યો હતો. જો કે પોલીસે હવે સમગ્ર મામલાની તપાસ શરૂ કરી છે. ટિલ્લુ તાજપુરિયા સામે હત્યા સહિતના અનેક ગુના નોંધાયેલા છે. રોહિણી કોર્ટની અંદર કોર્ટ રૂમમાં ગેંગસ્ટર જીતેન્દ્ર ગોગીની હત્યામાં ટિલ્લુનો હાથ હોવાનું કહેવાય છે.

# રાહુલ બાદ હવે અફઝલનો વારો! બસપા સાંસદ અંસારીએ સંસદ સભ્યતા ગુમાવી, ૪ વર્ષની થઈ સજા

નવીદિલ્હી,

બહુજન સમાજ પાર્ટી (બસપા)ના સાંસદ અફઝલ અંસારીને લોકસભાના સભ્યપદેથી ગેરલાયક ઠેરવવામાં આવ્યા છે. બે દિવસ પહેલા ૨૯ એપ્રિલના રોજ ગાઝીપુરના બીએસપી સાંસદ અફઝલ અંસારીને કોર્ટે એક કેસમાં ૪ વર્ષની સજા સંભળાવી હતી. અફઝલ એવા બીજા નેતા છે, જેમણે છેલ્લા કેટલાક સપ્તાહમાં લોકસભાની સદસ્યતા ગુમાવી છે. આ પહેલા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને 'મોદી અટક' ધરાવતું નિવેદન આપવા બદલ સુરતની કોર્ટ દ્વારા દોષિત ઠેરવવામાં આવ્યા બાદ તેઓ લોકસભાની સદસ્યતા ગુમાવી ચૂક્યા છે. ઉત્તર પ્રદેશના ગાઝીપુર જિલ્લાની એક અદાલતે ૧૪ વર્ષ જૂના ગેંગસ્ટર એક્ટ કેસમાં બસપા સાંસદ અફઝલ અંસારીને ચાર વર્ષની જેલ અને એક લાખ રૂપિયાના દંડની સજા ફટકારી છે, જ્યારે અફઝલના નાના ભાઈ અને ભૂતપૂર્વ ગેંગસ્ટરમાંથી રાજનેતા બનેલા ધારાસભ્ય મુખ્તાર અંસારીને જેલમાં રાખવામાં આવ્યા છે. ૧૦ વર્ષની સજા અને ૫ લાખ રૂપિયાનો દંડ. ગાઝીપુરની વિશેષ સાંસદ-ધારાસભ્ય કોર્ટના એડિશનલ સેશન જજ (પ્રથમ) દુર્ગેશે આ કેસમાં પોતાનો ચુકાદો આપ્યો હતો. ૨૨ નવેમ્બર, ૨૦૦૭ના રોજ, ગાઝીપુર જિલ્લાના મોહમ્મદબાદ કોતવાલી ખાતે ગેંગસ્ટર એક્ટ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો હતો, જેમાં ગેંગસ્ટર ચાર્ટમાં સાંસદ અફઝલ અંસારી અને મુખ્તાર અંસારીનો સમાવેશ થાય છે. ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ, બંને સામે આરોપો ઘડવામાં આવ્યા હતા અને ફરિયાદી પુરાવા પૂર્ણ થયા હતા.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
એમ. એચ. પટેલ
તરફથી અભીનંદન....
મુ. મોટી સરસણ-પટેલ ફળીયું,
તા. સંતરામપુર,
જી. મહીસાગર

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
ધી સંતરામપુર
આદી.સે.સ.મં.
તરફથી અભીનંદન....
મુ. ઉબેર,
તા. સંતરામપુર,
જી. મહીસાગર

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
ધી સંતરામપુર શાખા
તરફથી અભીનંદન....
પ્લોટ બજાર,
તા. સંતરામપુર,
જી. મહીસાગર

# ધો. ૧૨ સાયન્સનું મહીસાગર જિલ્લામાં ૪૫.૩૯ ટકા પરિણામ આવ્યું

- ગત વર્ષની સરખામણીમાં ૫.૪૪ ટકા પરિણામ ઓછું.
- જિલ્લામાં અ૧ ગ્રેડ સાથે એકપણ પરીક્ષાર્થી નહીં.

લુણાવાડા, સમગ્ર ગુજરાતમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ માર્ચ ૨૦૨૩નું પરિણામ ૬૫.૫૮ ટકા જાહેર થયું છે. જેમાં મહીસાગર જિલ્લાનું ૪૫.૩૯ ટકા પરિણામ આવ્યું છે. જિલ્લાના પરિણામમાં A1 ગ્રેડમાં એકપણ પરીક્ષાર્થી નથી. જ્યારે A2 ગ્રેડ સાથે માત્ર ૦૫ જ પરિક્ષાર્થીઓ પાસ થયા છે. મહીસાગર જિલ્લાના કુલ ત્રણ કેન્દ્રો પર પરીક્ષા યોજાઈ હતી. જેમાં લુણાવાડા કેન્દ્રમાં ૧૧૨૪ પરીક્ષાર્થી નોંધાયા હતા. જેમાંથી ૧૧૧૯એ પરીક્ષા આપી હતી. જેમાં ૫૯૧ પરીક્ષાર્થી પાસ થાય છે. આમ લુણાવાડા કેન્દ્રનું ૫૨.૮૨ ટકા પરિણામ જાહેર થયું છે. જ્યારે સંતરામપુર કેન્દ્રમાં ૪૯૧ પરિક્ષાર્થીઓ નોંધાયા હતા. જેમાંથી ૪૮૯એ પરીક્ષા આપી હતી. જેમાં કુલ ૧૩૩ પરીક્ષાર્થી પાસ થયા છે આમ સંતરામપુર પરીક્ષા કેન્દ્રનું ૨૭.૨૦ ટકા પરિણામ જાહેર થયું છે. તો બાલાસિનોર પરીક્ષા કેન્દ્રમાં ૧૨૭ પરિક્ષાર્થીઓ નોંધાયા હતા. જેમાં ૧૨૭ એ પરીક્ષા આપી હતી. જેમાંથી કુલ ૪૩ પાસ થયા છે, આમ બાલાસિનોર કેન્દ્રનું પરિણામ ૩૩.૮૬ ટકા જાહેર થયું છે.

વર્ષ ૨૦૨૨માં મહીસાગર જિલ્લાનું ૫૦.૮૩ ટકા પરિણામ હતું. તેના કરતાં વર્ષ ૨૦૨૩માં ૫.૪૪. ટકા નીચું પરિણામ છે.

રાજ્યમાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થયું છે. ત્યારે મહીસાગર જિલ્લાની વાત કરવામાં આવે તો જિલ્લામાં કુલ ૪૫.૩૯ ટકા પરિણામ આવ્યું છે. જેમાં ગ્રેડ વાઈસ પાસ થયેલા પરિક્ષાર્થીઓની વાત કરીએ તો A1 ગ્રેડમાં- ૦, A2 ગ્રેડમાં-૦૫, B1 ગ્રેડમાં-૩૧, B2 ગ્રેડમાં-૭૧, C1 ગ્રેડમાં-૧૮૩, C2 ગ્રેડમાં-૩૪૬ અને D ગ્રેડમાં-૯૭ પરિક્ષાર્થીઓ પાસ થયા છે. આમ, મહીસાગર જિલ્લામાં કુલ ત્રણ પરીક્ષા કેન્દ્રોમાં સૌથી વધુ પરિણામ લુણાવાડા કેન્દ્રનું ૫૨.૮૨ ટકા જ્યારે સૌથી નીચું ૨૭.૨૦ ટકા પરિણામ સંતરામપુર કેન્દ્રનું છે. પરિણામ નબળું આવતા શાળા સંચાલકો નિરાશ જિલ્લા આજે જાહેર થહેલી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ નબળું આવતા શાળા સંચાલકો અને ખાનગી કલાસીસોમાં નિરાશાનું મોજું ફરી વળ્યું છે. આગામી વર્ષના એડમિશનમાં આ પરિણામની અસર વર્તાય તો નવાઈ નહિ, બીજી તરફ વાલીઓમાં પણ ઓછા પરિણામના પગલે હતાશાનો માહોલ સર્જાયો છે. જોકે, પરિણામ નીચું રહેવાના કારણે મેરીટ પણ નીચું જશે અને એડમિશનમાં સરળતા રહેશે તેવું હાલ વાલીઓમાં ચર્ચાઈ રહ્યું છે.

## લગ્નમાં વિદાય પ્રસંગે જ વરસાદે એન્ટ્રી કરી

# સંતરામપુરમાં ભારે પવન સાથે વરસાદ ખાબકતા મંડપ ઊડ્યો, જાનૈયાઓમાં નાશ ભાગ મચી





તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, ગુજરાતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને સાઈકલોનિક સર્ક્યુલેશનને કારણે ભરઉનાળે ઠેર-ઠેર કમોસમી વરસાદ વરસી રહ્યો છે. ત્યારે આજે ફરી અનેક પંથકમાં કમોસમી વરસાદ વરસ્યો છે. રાજ્યમાં ભરઉનાળે ચોમાસા જેવો માહોલ સર્જાયો છે. આ વચ્ચે મહીસાગર જિલ્લામાં બપોર બાદ વરસાદ ખાબક્યો હતો. જેમાં સંતરામપુર તાલુકાના હરીગરના મુવાડા ગામે લગ્ન પ્રસંગમાં કમોસમી વરસાદ વિલન બન્યો હતો. કન્યા વિદાય પ્રસંગે ભારે પવન સાથે વરસાદ ખાબકતા જાનૈયાઓમાં નાસભાગ મચી હતી. મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના હરીગરના મુવાડા ગામે લગ્ન પ્રસંગમાં કમોસમી વરસાદ વિલન બન્યો હતો. હરીગરના મુવાડા ગામે લગ્ન પ્રસંગમાં વરસાદ ખાબકતા મંડપ ઊડ્યો હતો. ભારે વરસાદના કારણે મંડપ તૂટી પડતાં જાનૈયાઓમાં નાશભાગ મચી હતી. લગ્ન પ્રસંગ પૂર્ણ થયા બાદ કન્યા વિદાય પ્રસંગે ભારે પવન સાથે વરસાદ ખાબક્યો હતો. લુણાવાડા તાલુકાના સેમાંરાના મુવાડા ગામેથી હરિગરના મુવાડા ગામે જાન ગઈ હતી. ઉલ્લેખનિય છે કે, સમગ્ર મંડપ તુટી પડતા મંડપ માલિકને ભારે નુકશાન વેઠવાનો વારો આવ્યો છે. મંડપના થાંભલા એકાએક ભોંય પર પડવા લાગ્યા સંતરામપુર તાલુકાના હરીગરના મુવાડા ગામે આજે લગ્ન પ્રસંગમાં વરસાદ વિઘ્ન બન્યો હતો. બપોર બાદ એકાએક ભારે પવન ફૂંકાવવાની સાથે ધોધમાર વરસાદ વરસતા લગ્નનો મંડપ ઊડ્યો હતો. એક તરફ કન્યાની વિદાય ચાલી રહી હતી. તેવા સમયે મંડપ ઉડતા જાનૈયાઓમાં અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. મંડપના થાંભલા એકાએક ભોંય પર પડવા લાગ્યા હતા. જોકે આખા બનાવમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. વરસાદ, વાવાજોડું બંધ થયા બાદ કન્યાની વિદાય કરવામાં આવી હતી. એક તરફ તડકો અને બીજી તરફ વરસાદ વરસી રહ્યો હતો. જેમાં કેટલાક બાળકોએ પણ નાહવાની મજા માણી હતી. ત્યારે ભર ઉનાળે વરસાદ વરસતા ખેતીના પાકો અને પશુધન માટેના ઘાસચારાને પણ નુકશાન થવાની ભીતિ સેવાઈ રહી છે. બીજી તરફ અસહ્ય ઉકળાટ વચ્ચે વરસાદ વરસતા લોકોએ પણ ગરમીથી રાહત અનુભવી છે. જ્યારે ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ વરસતા આંબાઓ પર રહેલી કેરીઓ પણ ખરી જવાની શક્યતાઓ રહેલી છે. અગાઉ પણ સંતરામપુર સહિત જિલ્લાના અનેક વિસ્તારોમાં શનિવારે પણ કમોસમી વરસાદ વરસ્યો હતો. ત્યારે આજે ફરી એકવાર કમોસમી વરસાદ વરસ્યો છે. સંતરામપુર બાદ સમગ્ર જિલ્લામાં બપોરે વાતાવરણમાં પલટો આવ્યો હતો અને સંતરામપુર શહેરમાં વરસાદ વરસ્યા બાદ પંથકના ગ્રામ્ય વિસ્તારમાં પણ એકાએક ભારે પવન અને ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. તેમજ જિલ્લાના અન્ય વિસ્તારો લુણાવાડા, કડાણા બાલાસિનોર સહિત વાતાવરણમાં પલટો આવ્યો છે અને તેજ પવન ફૂંકાયો હતો. બીજી બાજુ લોકોએ અસહ્ય ગરમીથી પણ રાહત અનુભવી હતી. ત્યારે હાલનું વાતાવરણ જોતા લાગી રહ્યું છે કે, જિલ્લાના અન્ય વિસ્તારોમાં પણ વરસાદ વરસી શકે છે.



તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

**મલેકપુર થી ૩ કિમી દૂર આવેલ કાજડી ગામે સાજે વરસાદ પડતા જ લગ્ન સમારંભમાં ભંગ પડ્યો. વરસાદી માહોલ સર્જાતા જમણવારના મંડપમાં તેમજ જાનૈયાઓની ભાગદોડ અચાનક વાતાવરણમાં પલટો આવતા જ વરસાદી માહોલ જોવા મળ્યો હતો. વરસાદ થતાં જ ભાગદોડ જોવા મળી હતી.**

# કડાણા ડેમમાંથી સિંચાઈ દ્વારા ૧૫૦ તળાવો પાણીથી ભરાયા

મલેકપુર, ઉનાળામાં મહિસાગર જિલ્લાવાસીઓ માટે સારા સમાચાર આવ્યા છે. કડાણા ડેમમાંથી પંચમહાલ-મહિસાગરના ૧૫૬ ગામ સાથે દાહોદ શહેરને રોજીંદુ પીવાનુ પાણી આપવામાં આવી રહ્યુ છે. તેમજ ૧૫૦ તળાવો પાણીથી ભરી દેવામાં આવ્યા છે. સાથે બે કેનાલો મારફતે સિંચાઈનુ પાણી આપવામાં આવી રહ્યુ છે. તેમ છતાં પણ આગામી ૩૧ જુલાઈ સુધી ચાલે તેટલો પાણીનો જથ્થો કડાણા ડેમમાં ઉપ્લબ્ધ છે. કડાણા ડેમ સિંચાઈ વિભાગના ડે.ઈજનેર રવિ માલ દ્વારા જણાવ્યુ છે કે, ચોમાસ સુધી પીવાના પાણીનો જથ્થો અનામત રાખી ખેડુતોને તબક્કાવાર સિંચાઈનુ પાણી આપવામાં જેથી આખા ઉનાળામાં ખેડુતોએ સિંચાઈ અને લોકોએ પાણી માટે વલખા મારવા ન પડે. મહિસાગર જિલ્લાના કડાણા ડેમમાં હાલ ૪૪ ટકા પાણીનો જથ્થો ઉપ્લબ્ધ છે. પાછલા બે દિવસમાં ડેમ કેચમેન્ટ વિસ્તારમાં થયેલ માવઠાથી ડેમમાં પાણીની આવકમાં વધારો નોંધાયો હતો. ડેમમાં ૩૪૦ કયુસેક પાણીની આવસ સાથે ડેમની સપાટી ૩૯૨ ફુટ જોવા મળી રહી છે. જયારે ડેમમાંથી ૩૩૦ કયુસેક પાણી ડાબા કાંઠા અને જમણા કાંઠા કેનાલ મારફતે સિંચાઈ માટે છોડવામાં આવી રહ્યુ છે. ચાલુ વર્ષે કડાણા ડેમ સત્તાધિશ દ્વારા પીવાના પાણીનો જથ્થો અનામત રાખી આ ઉનાળામાં પાણીની સમસ્યા ન સર્જાય તે માટે આયોજનબદ્ધ પાણી આપવામાં આવશે. સંતરામપુર, કડાણા અને લુણાવાડાના ૬૧, ખાનપુર તાલુકાના ૨૫ તેમજ મોરલનાકાના ૧૫ જેટલા તળાવો પાણીથી ભરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત ૧૫૬ ગામો સહિત દાહોદ શહેરને રોજીંદુ પીવાનુ પુરૂ પાડવામાં આવે છે.

# બાલાસિનોરના ગુંથલી ગ્રામ પંચાયતના સભ્ય દ્વારા વૃક્ષો કપાતા નોટિસ

બાલાસિનોર, ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે વધુમાં વધુ વૃક્ષો વાવવાની અપીલ કરી ચોમાસામાં વધારેમાં વધારે વૃક્ષો દરેક તાલુકામાં રોપવામાં પણ આવે છે ત્યારે બાલાસિનોર તાલુકામાં પરવાનગી વગર ગેરકાયદેસર લાકડા ભરેલ વાહનોની હેરાફેરી વધી ગઈ છે. તાલુકાની ગુંથલી ગ્રામ પંચયતના વોર્ડ નં-૨ના સભ્ય મહેશભાઈ રાધાભાઈએ પંચાયતની પરવાનગી વગર જ ઝાડો કાપી વેચી માર્યા હોવાનો અહેવાલ પ્રસિદ્ધ થતાં તંત્ર હરકતમાં આવ્યુ હતુ. અને બાલાસિનોર મામલતદાર દ્વારા ગુંથલી ગ્રામ પંચાયતના સભ્ય મહેશભાઈ રાધાભાઈ ગોહિલને પરવાનગી વગર લીલા ઝાડ કાપતા કારણદર્શક નોટિસ આપવામાં આવી હતી. જેમાં ૧૧ મેના રોજ ખુલાસો આપવા જણાવ્યુ હતુ.

# વિરપુર-બાલાસિનોરના માર્ગ ઉપર સ્પીડ બ્રેકર ન હોવાને લઈ અકસ્માતોનુ જોખમ

વિરપુર, વિરપુરથી બાલાસિનોર માર્ગ ઉપર યોગેશ્વર પાર્ક, મહાલક્ષ્મી સોસાયટી, એમજીવીસીએલની ઓફિસ, બેંક ઓફ બરોડા સહિત અન્ય બે ખાનગી બેંક,દુકાનો, તથા શાળા આવેલી છે. જેને કારણે મોટી સંખ્યામાં વાહનો સાથે લોકોની અવર જવર રહેતી હોય છે. વિરપુરથી બાલાસિનોરનો મુખ્ય માર્ગ હોવાથી ભારદાર વાહનોની અવર જવર વધુ હોય છે. વાહનચાલકો પોતાના વાહનો ફુલ સ્પીડે અને બેફામ રીતે હંકારતા હોય છે. જેને કારણે અકસ્માતની ઘટનાઓ બનતી હોય છે. જેમાં ભુતકાળમાં લોકોને નાની મોટી ઈજાઓ તો કેટલાક લોકોએ જીવ પણ ગુમાવ્યા હોવાના અકસ્માતોના કિસ્સાઓ બનેલા છે. બે દિવસ પહેલા રસ્તો ક્રોસ કરતા એક રાહદારીને ફુલ સ્પીડે આવતા ટ્રેકટરના ચાલક દ્વારા કચડીને મોતને ઘાટ ઉતાર્યો હતો. જેને લઈ સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. વાહનચાલકો પોતાના વાહનોની સ્પીડ ઓછી કરે તે માટે ચાર રસ્તા પર વહેલી તકે સ્પીડ બ્રેકર મુકવાની માંગ ઉઠવા પામી છે.

# ઘોઘંબા રાજગઢ પોલીસ મથક વિસ્તારની આશ્રમ શાળાના લંપટ શિક્ષક દ્વારા સગીરા વિદ્યાર્થીની છેડતી કરતાં પોલીસ ફરિયાદ

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના રાજગઢ પોલીસ મથકની હદમાં આવેલ આશ્રમ શાળામાં સગીરવયની વિદ્યાર્થીની શિક્ષકે છેડતી કરતાં રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

ઘોઘંબા તાલુકાના રાજગઢ પોલીસ મથકની હદ વિસ્તારમાં આવેલ આશ્રમ શાળામાં રહેતી સગીર વયની વિદ્યાર્થીનીની છેડતી શિક્ષક દ્વારા કરવામાં આવી હતી. આશ્રમ શાળામાં ફરજ બજાવતા શિક્ષક



યોગેશ પટેલના માથે હેવાન સવાર થતાં સગીર વિદ્યાર્થીનીને પકડી શારીરિક અડપલા કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીની દ્વારા પ્રતિકાર કરીને આ લંપટ શિક્ષકની ફરિયાદ વાલીને કરતાં સગીરાના વાલી દ્વારા રાજગઢ પોલીસ મથકે શિક્ષક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી કડક કાર્યવાહીની માંગ કરાઈ.

## આપની આજ.......

મેષ : આજે તમે શાંત દિવસ પસાર કરશો. આજે કાર્યક્ષેત્રમાં ધંધો કંઈ ખાસ રહેશે નહીં, છતાં આત્મસંતોષની લાગણીને કારણે મન પરેશાન નહીં થાય. આ દિવસે તમારે તમારા વડીલોના આદેશોનું પાલન કરવું પડશે.

વૃષભ : આજે તમારા માટે પ્રગતિનો દિવસ છે. કાર્યસ્થળ પર અનુકૂળ વાતાવરણ રહેશે એટલે સફળ થશો, તેના પરિણામ ચોક્કસપણે નાણાકીય લાભોના રૂપમાં મળશે.

મિથુન : નોકરી કરતા લોકોને વધારે કામ મળતા થોડી અગવડતા રહી શકે છે, પરંતુ બપોર સુધીમાં મહેનતનું ફળ મળવાનું શરૂ થઈ જશે. આર્થિક દ્રષ્ટિકોણથી દિવસ સંતોષકારક રહેશે, છતાં પૈસા સંબંધિત કામોમાં સ્પષ્ટતા રાખો.

કર્ક : આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ ડીલ રદ થવાની અથવા અન્ય કોઈપણ પ્રકારનો અવરોધ ઊભો થાય તેવી સંભાવના છે. પૈસા સંબંધિત કામમાં સાવચેત રહો, નહીં તો નુકસાન થઈ શકે છે.

સિંહ : આ દિવસે તમારો નિત્યક્રમ થોડો અશાંત રહી શકે છે. તમારે કોઈ ખર્ચાળ કામ કરવા પડશે, જે પારિવારિક સુખ અને શાંતિ માટે જરૂરી રહેશે, પરંતુ બજેટ બગડવાનો ભય છે.

કન્યા : આજે તમે જાહેર કાર્યોમાં મહત્વપૂર્ણ યોગદાન આપશો. તમારા પરિવારની પ્રતિષ્ઠા વધારવા બદલ તમારા પરિવારના સભ્યોને તમારા પર ગર્વ થશે. પરંતુ ઘરના કાર્યોમાં આળસ રાખતા થોડા સમય માટે વાતાવરણ બગડશે.

તુલા : આજે તમારી અંદર વધુ ચંચળતા રહેશે. જો મન કોઈ એક નિર્ણયને વળગી નહીં રહે તો લાભની તકો ખોવાઈ શકે છે. આજે તમે ઝડપથી કોઈ પર વિશ્વાસ નહીં કરો. શંકા રાખતા ઘરના સભ્યો સાથે બગાડી શકો છો.

વૃશ્ચિક : આજે સિદ્ધિનો દિવસ રહેશે. દિવસની શરૂઆતથી કોઈપણ કાર્ય પૂર્ણ કરવા ઉતાવળ રહેશે. વેપારી વર્ગને આજે થોડી વધુ મહેનત કરવી પડી શકે છે. તમે મિત્રો અને પ્રિયજનોને તમારા ઘરે આમંત્રિત કરી શકો છો અને તેમની સાથે વાત કરવા માટે સારો સમય આપી શકો છો.

ધનુ : આજનો દિવસ તમારા માટે વિપરિત પરિસ્થિતિવાળો હોઈ શકે છે. તમે જે પણ કાર્ય કરો છો તેની સફળતા શંકાસ્પદ રહેશે, પરંતુ તમને લાભ થતો રહેશે. પરિવારના સભ્યો તમારો મૂડ સમજી શકશે, જેના કારણે પરસ્પર સુમેળ રહેશે. ધાર્મિક ક્ષેત્રની યાત્રા પણ બનશે.

મકર : આ દિવસે તમારી પોતાની ભૂલથી નુકસાન પહોંચાડી શકો છો. તમારા નિર્ણયને વળગી નહીં રહો તો જાહેર ક્ષેત્રમાં અથવા પરિવારમાં ટીકાઓનો સામનો કરવો પડી શકે છે.

કુંભ : તમારા માટે આજનો દિવસ શાંતિપૂર્ણ રહેશે. તમે કાર્યો પ્રત્યે બહુ ગંભીર નહીં રહો, તેમ છતાં તમે જે કાર્ય કરો છો તેમાં નિશ્ચિત સફળતા મળશે. કોઈને પણ આપેલા વચન સમયસર પૂરા કરવામાં અસમર્થ રહેશો.

મીન : તમારે અનેક કાર્યોનો સામનો કરવો પડશે. ખર્ચ આવક કરતા વધારે હોઈ શકે છે, પરંતુ ફક્ત જરૂરી કામોમાં ખર્ચ કરશો. નજીકના સમયમાં તમને નાણાંનો લાભ થશે. લવ લાઈફ માટે સમય અનુકૂળ છે અને જીવનસાથી તમારા બધા કામમાં સહકાર આપશે.

# મહારાષ્ટ્રમાં રાજકીય ભૂકંપ : શરદ પવારે નેશનલ કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષપદેથી રાજીનામું આપવાની જાહેરાત કરી

મુંબઈ, શરદ પવારે મંગળવારે નેશનલ કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષપદેથી રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. પવારે કહ્યું હતું કે તેઓ રાજીનામું આપવા જઈ રહ્યા છે. તેમણે હજુ સુધી પદ છોડવાનું કારણ જણાવ્યું નથી. એનસીપી મહારાષ્ટ્રમાં મહા-વિકાસ આઘાડી ગઠબંધનમાં સહયોગી છે.૪ દિવસ પહેલાં ગુરુવારે શરદ પવારે કહ્યું હતું કે રોટલી ફેરવવાનો સમય આવી ગયો છે. મને કોઈએ કહ્યું હતું કે રોટલી યોગ્ય સમયે ફેરવવી પડે છે. જો ઉલટાવી લેવામાં ન આવે તો તે કડક બની જાય છે. આ નિવેદન પર અજિત પવારે કહ્યું કે નવા ચહેરાઓને આગળ લાવવાની એનસીપીની પરંપરા રહી છે.



તેમણે ૧૯૯૯માં કોંગ્રેસમાંથી અલગ થઈને એનસીપીની રચના કરી હતી. ત્યારથી તેઓ પાર્ટીના અધ્યક્ષ છે. પવારની જાહેરાત બાદ પાર્ટી કાર્યકર્તાઓએ તેમના સમર્થનમાં નારા લગાવવાનું શરૂ કરી દીધું હતું. તેઓ તેમને પોતાનો નિર્ણય પાછો ખેંચવાની માંગ કરી રહ્યા હતા.

શરદ પવાર મંગળવારે મુંબઈમાં વાયબી ચવ્હાણ સેન્ટરમાં તેમની જીવનચરિત્ર 'લોક ભૂલ ભૂલૈયા સંગાતિ'નું વિમોચન કરી રહ્યા હતા. આ પુસ્તકનું પૃષ્ઠ નંબર ૩૧૯ પર તેમણે લખ્યું- મહાવિકાસ અઘાડીની સરકાર માત્ર સત્તાનો ખેલ નહોતો. અન્ય પક્ષોને દબાવીને અન્ય પક્ષોનું મહત્વ કોઈ રીતે ખતમ કરીને રાજકીય સર્વોપરિતા નિર્માણ કરનારા ભાજપને આ એક યોગ્ય જવાબ હતો.

મહાવિકાસ અઘાડીની સરકાર દેશમાં ભાજપ સામે સૌથી મોટો પડકાર હતો. મને લાગતું હતું કે આ સરકારને અસ્થિર કરવાનો પ્રયાસ થશે. અમે અમારા સ્તરે તેને સંભાળી શક્યા હતા, પરંતુ અમને ખ્યાલ નહોતો કે ઉદ્ધવ ઠાકરેને મુખ્યમંત્રી બનાવવાથી શિવસેનામાં તોફાન સર્જાશે. આ નારાજગીનો અંત લાવવામાં શિવસેનાનું નેતૃત્વ (ઉદ્ધવ અને આદિત્ય) ઉણું ઉતર્યું. લડ્યા વિના ઉદ્ધવજીના રાજીનામાને કારણે મહાવિકાસ અઘાડીની સત્તા પર પૂર્ણ વિરામ મુકાઈ ગયું.

શરદ પવારે રાજીનામામાં લખ્યું, 'મારા મિત્રો! હું એનસીપીનું અધ્યક્ષ પદ છોડી રહ્યો છું, પરંતુ સામાજિક જીવનમાંથી નિવૃત્ત નથી થઈ રહ્યો. સતત યાત્રા એ મારા જીવનનું અભિન્ન અંગ બની ગયું છે. હું જાહેર સભાઓ અને કાર્યક્રમોમાં હાજરી આપવાનું ચાલુ રાખીશ. હું તમારા માટે પુણે, બારામતી, મુંબઈ, દિલ્હી અથવા ભારતના કોઈપણ જગ્યાએ હોઈશ, તમારા માટે હંમેશની જેમ ઉપલબ્ધ રહીશ. લોકોના પ્રશ્નોના નિરાકરણ માટે હું સતત કામ કરતો રહીશ. લોકોનો પ્રેમ અને વિશ્વાસ મારા શ્વાસ છે. હું તમારી સાથે હતો અને મારા છેલ્લા શ્વાસ સુધી તમારી સાથે રહીશ. તેથી આપણે મળતા રહીશું. આભાર.'

પવારના રાજીનામા બાદ પાર્ટીના અધ્યક્ષની પસંદગી માટે એક સમિતિની રચના કરવામાં આવી છે. આમાં પ્રફુલ્લ પટેલ, સુનિલ તડકારે, કેકે શર્મા, પીસી ચાકો, અજિત પવાર, જયંત પાટિલ, સુપ્રિયા સુલે, છગન ભુજબલ, દિલીપ પાટીલ, અનિલ દેશમુખ, રાજેશ ટોપે, જિતેન્દ્ર આહવાદ, હસન મુશરિફ, ધનંજય મુંડે, જયદેવ ગાયકવાડના નામ સામેલ છે.

૩૦ એપ્રિલના રોજ શરદ પવારે કહ્યું હતું - આજે અમે એમવીએનો ભાગ છીએ અને કામ કરવા ઈચ્છીએ છીએ. પરંતુ એકલી ઈચ્છા હંમેશા પૂરતી નથી. સીટોની વહેંચણી, કોઈ સમસ્યા છે કે નહીં, આ બધી ચર્ચા હજુ થઈ નથી. આવી સ્થિતિમાં આજે મહારાષ્ટ્રમાં આઘાડી છે પણ કાલે ખબર નથી.

એનસીપી નેતા અને શરદ પવારના ભત્રીજા અજિત પવાર એનસીપી છોડી રહ્યા હોવાના અહેવાલો હતા. એવું કહેવામાં આવી રહ્યું હતું કે તેમની પાસે ૪૦ ધારાસભ્યો છે અને અજીત બીજેપીમાં જોડાઈ શકે છે. આ પછી અજિતે કહ્યું હતું કે - કોઈ કારણ વગર ગેરસમજ ફેલાવવામાં આવી રહી છે. એકપણ ધારાસભ્યની સહી લેવામાં આવી નથી. ભાજપ સાથે જોડાવાના સમાચારમાં કોઈ સત્ય નથી. જ્યાં સુધી મારામાં જીવ છે, હું એનસીપી સાથે જોડાયેલો રહીશ. જો તમે ઈચ્છો તો હું એફિડેવિટ પર લેખિતમાં આપી શકું છું! ૨૧ એપ્રિલે અજિત પવારે એક ઈન્ટરવ્યુમાં એનસીપી નેતાએ મુખ્યમંત્રી બનવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું - એનસીપી ૨૦૨૪ની મહારાષ્ટ્ર ચૂંટણી પહેલા જ મુખ્યમંત્રી પદ માટે દાવો કરી શકે છે. હું ૧૦૦% મુખ્યમંત્રી બનવા માંગુ છું.

પ્રથમ વખત બળવોઃ ૧૯૭૭ની સામાન્ય ચૂંટણીઓ પછી, કોંગ્રેસ પક્ષ કોંગ્રેસ (યુ) અને કોંગ્રેસ (આઈ)માં વિભાજિત થયો. શરદ પવાર કોંગ્રેસ (યુ)માં જોડાયા. ૧૯૭૮માં મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં બંને પક્ષોએ અલગ-અલગ ચૂંટણી લડી હતી. પરંતુ, રાજ્યમાં જનતા પાર્ટીને રોકવા માટે સાથે મળીને સરકાર બનાવી. થોડાક જ મહિનાઓ પછી, શરદ પવાર કોંગ્રેસ (યુ)થી પણ અલગ થઈ ગયા અને જનતા પાર્ટીમાં જોડાયા હતા. જનતા પાર્ટીના સમર્થનથી પવાર ૩૮ વર્ષની વયે મુખ્યમંત્રી બન્યા હતા. તે સમયે તેઓ રાજ્યના સૌથી યુવા મુખ્યમંત્રી હતા. જો કે, શરદ પવાર ફરીથી ૧૯૮૬ માં કોંગ્રેસમાં જોડાયા અને ૨૬ જૂન ૧૯૮૮થી લઈને ૨૫ જૂન ૧૯૯૧ વચ્ચે બે વખત મુખ્યમંત્રી બન્યા હતા.

બીજી વખત બળવોઃ ૧૯૯૯માં શરદ પવાર, પીએ સંગમા અને તારિક અનવરે સોનિયા ગાંધીને વડાપ્રધાન પદના ઉમેદવાર બનાવવાનો વિરોધ કર્યો હતો. ત્રણેયનું કહેવું હતું કે વડાપ્રધાન દેશના વ્યક્તિ હોવા જોઈએ. આ કારણે, ત્રણેયને પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા અને તેઓએ સાથે મળીને ૨૫ મે ૧૯૯૯ ના રોજ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીની રચના કરી હતી. જો કે આ પછી મહારાષ્ટ્રમાં સતત ૧૫ વર્ષ સુધી એનસીપી-કોંગ્રેસ ગઠબંધનની સરકાર રહી હતી.

પવારની રાજકીય સફર

શરદ પવારનો જન્મ ૧૨ ડિસેમ્બર, ૧૯૪૦ના રોજ થયો હતો. પવારે ૧૯૬૭માં કોંગ્રેસ સાથે રાજકીય સફર શરૂ કરી હતી.તેઓ પહેલીવાર ૧૯૮૪માં બારામતીથી લોકસભા ચૂંટણી જીત્યા હતા. તેમણે ૨૦ મે ૧૯૯૯ના રોજ કોંગ્રેસથી અલગ થઈ ગયા અને ૨૫ મે ૧૯૯૯ના રોજ એનસીપીની રચના કરી.

એનસીપીની રચના શરદ પવાર, તારિક અનવર અને પીએ સંગમાએ મળીને કરી હતી. આ ત્રણેય અગાઉ કોંગ્રેસમાં હતા.મહારાષ્ટ્રના સૌથી યુવા મુખ્યમંત્રી બનવાનો રેકોર્ડ તેમના નામે છે. ૧૯૯૩માં તેમણે ચોથી વખત સીએમ તરીકે શપથ લીધા હતા. તેમની રાજકીય કારકિર્દીમાં તેઓ યુપીએ સરકારમાં કેન્દ્રીય મંત્રી પણ રહી ચૂક્યા છે.

પવાર ૨૦૦૫થી ૨૦૦૮ સુધી બીસીસીઆઈના અધ્યક્ષ હતા અને ૨૦૧૦માં આઈસીસીના અધ્યક્ષ બન્યા હતા. પવાર રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ છે. પોતાનો રાજકીય વારસો પુત્રી સુપ્રિયા સુલેને સોંપી દીધો છે. એનસીપીના ટોચના નેતાઓમાંના એક હોવા ઉપરાંત, સુપ્રિયા ૨૦૦૯ અને ૨૦૧૪માં તેમના પિતાની બેઠક બારામતીથી બે વખત સાંસદ રહી ચૂક્યાં છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# રાજ્યમાં દાહોદ જીલ્લા ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૨૯.૪૪ ટકા સૌથી ઓછું નોંધ્યું

દાહોદ,

દાહોદ જિલ્લાનું ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું રાજ્યમા સાથી નીચું પરિણામ આવ્યુ છે. બીજી તરફ દાહોદ જિલ્લાનું લીમખેડા કેન્દ્રનું પરિણામ પણ રાજ્યમાં સૌથી નીચુ જાહેર થયુ છે. જ્યારે લીમડી કેન્દ્ર પણ છેલ્લે થી બીજા નંબરે આવતાં મોટી મોટી જાહેરાતો કરનારા શાળા સંચાલકોની પોલ ખુલી ગઈ છે. કારણ કે હવે તો ગ્રામ્ય વિસ્તારોમાં પણ સ્વનિર્ભર શાળાઓ ઉપલબ્ધ થઈ છે, તેમજ શિક્ષણ સ્તર સુધારવા માટે સરકારી શાળાઓ પણ શરુ કરવામાં આવેલી છે.

લીમખેડા કેન્દ્રમાં માત્ર ૧૭૬ પરીક્ષાર્થી પાસ થઈ શક્યા દાહોદ જિલ્લાનું ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું રાજ્યમાં ૨૯.૪૪ ટકા જેટલું રાજ્યમાં સૌથી નિમ્ન પરિણામ આવતા શિક્ષણ આલમમાં સન્નાટો છવાઈ ગયો છે. ત્યારે એક બીજા પણ નિરાશાજનક સમાચાર એ છે કે જિલ્લાના લીમખેડા પરીક્ષા કેન્દ્રનું પરિણામ રાજ્યના તમામ પરીક્ષા કેન્દ્રો કરતા નીચુ આવ્યું છે. રાજ્યમાં લીમખેડા ૨૨ ટકા પરિણા સાથે છેલ્લા નંબરે આવ્યુ છે. જેમાં લીમખેડા કેન્દ્રમાં ૮૧૦ નોંધાયેલા પૈકી ૮૦૦ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી. તેમાંથી માત્ર ૧૭૬ પરીક્ષાર્થીઓ પાસ થઈ શક્યા છે અને તેની સામે ૬૩૪ પરીક્ષાર્થી નાપાસ જાહેર થયા છે. લીમખેડા વિસ્તારમાં પણ હવે શિક્ષણની સુવિધાઓ ઉપલબ્ધ છે, તેમજ અન્ય ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ આ કેન્દ્રમાં પરીક્ષાર્થીઓ પરીક્ષા આપવા આવે છે. ત્યારે પરિણાનું આ સ્તર ચિંતાજનક છે.

લીમડી કેન્દ્રનાં ૨૨૮ માંથી ૧૭૯ પરીક્ષાર્થી નાપાસ બીજી તરફ લીમડીને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું નવું નવું જ કેન્દ્ર મળ્યુ છે. જેથી હવે લીમડીમાં પણ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા લેવાય છે. આ કેન્દ્રમાં પણ ૨૩૦ નોંધાયેલા પૈકી ૨૨૮ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી

## શિક્ષણ સ્તર શૂન્ય તરફ : લીમખેડા કેન્દ્ર ૨૨ ટકા સાથે રાજ્યમાં છેલ્લા નંબરે, લીમડી કેન્દ્ર પણ ૨૨.૩૭ ટકા મેળવી રાજ્યમાં છેલ્લેથી બીજા નંબરે

હતી પરંતુ તેમાંથી ૧૭૯ વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા અને માત્ર ૫૧ પરીક્ષાર્થી જ પાસ થઇ શક્યા છે. આમ, લીમડી કેન્દ્ર પણ રાજ્યમાં ૨૨.૩૭ ટકા સાથે રાજ્યમાં છેલ્લે થી બીજા નંબરે આવ્યું છે. આમ, જિલ્લા સાથે ત્રણ માંથી બે પરીક્ષા કેન્દ્રોના પરિણામો રાજ્યમાં નિમ્નસ્તરે આવ્યા હોવાથી શિક્ષણ આલમ પર બીજો વજ્રઘાત થયો છે.

# દાહોદ જીલ્લામાં મનરેગા વિભાગના કર્મચારીએ ભ્રષ્ટાચાર થકી કરોડોની અપ્રમાણસર મિલ્કત મેળવી

દાહોદ,

દાહોદ જીલ્લામાં મનરેગાના કામોમાં કેટલાક વર્ષોથી બળવંત લબાનાનો દબદબો રહ્યો છે. જે તાલુકામાં ફરજ બજાવી ત્યાં મનરેગાની વહીવટી મંજુરીમાં બળવંત જ હુકમનો એક્કો બની ગયો હતો. ભ્રષ્ટાચાર સિવાય કોઈ ધંધો નથી કર્યો તેનો બોલતો પુરાવો હાથ લાગ્યો અને આ પુરાવો એસીબી માટે કાફી છે. બળવંત લબાનાએ મનરેગા થકી ભ્રષ્ટાચારના નાણાં એકઠાં કરવા માણસો રાખ્યા અને આ માણસો થકી બેનંબરી નાણાં તેના સ્ટાફના એકાઉન્ટમાં જમા થતા હતા. છેલ્લા ૭ વર્ષની વાત કરીએ તો પણ બળવંત લબાનાએ કરોડોની અપ્રમાણસર આવક મેળવી છે. આ વિડીયો જોઈ તમને અંદાજ આવી જશે કે, મનરેગાના એકદમ નાના કદના કર્મચારીનો હોદ્દો

> બળવંત લબાનાએ વસાવી અપ્રમાણસર મિલકત ભ્રષ્ટાચારના આ વિડીયો અને બળવંત લબાના વિરૂદ્ધની તપાસ આધારે ભાજપની પ્રમાણિક ગુજરાત સરકારના બાહોશ એવી લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોની ટીમ તપાસ કરે તેવી લોકોમાંગ ઉઠી છે. જાણકારોના મતે, જો એસીબીના બાહોશ અધિકારીઓ તપાસ કરે તો, બળવંત લબાના વિરૂદ્ધ અપ્રમાણસર આવકની મોટી કાર્યવાહી થઈ શકે તેવી શક્યતા છે.

છતાં બળવંત લબાનાએ કેટલો ભ્રષ્ટાચાર કર્યો છે. વિડિયો જુઓ અને વધુ વિગતો માટે વાંચો લબાનાનો લાંબો લચક ભ્રષ્ટાચારનો રિપોર્ટ.

દાહોદ જીલ્લામાં ફતેપુરા તાલુકામાં ભ્રષ્ટાચારનો બોમ્બ અગાઉ ફાટી ચૂક્યો છે અને કેટલાક કર્મચારીઓ છૂટાં પણ થઈ ચૂક્યા છે. જોકે આ દરમ્યાન એક કર્મચારી જે ભ્રષ્ટાચારનો મુખિયા રહ્યો છતાં તેના વિરૂદ્ધ કોઈ કાર્યવાહી થઈ નથી. બળવંત લબાના જયારે મનરેગા સિસ્ટમમાં આવ્યો ત્યારે એકદમ ઝીણવટપૂર્વક બધું શિખ્યો પછી આ શિખવાની કળાનો ઉપયોગ બેહિસાબી આવક ઉભી કરવામાં કરવા લાગ્યો. ફતેપુરા, ઝાલોદ અને જ્યાં જ્યાં ફરજ બજાવી ત્યાં મનરેગા યોજના હેઠળ ભ્રષ્ટાચારની હદ વટાવી છે. પૂર્વ ડીડીઓ રચિત રાજના સમયમાં તો આ બળવંત લબાનાનો રીતસર દબદબો હતો અને વહીવટી મંજૂરીની ભ્રષ્ટાચાર સામે લ્હાણી કરી હતી. તમે લબાનાને પ્રસાદી ના ધરાવો તો જીલ્લામાંથી તમને વહીવટી મંજૂરી મળવી ખૂબ જ મુશ્કેલ બની જાય.

સૂત્રોએ જણાવ્યું હતું કે, ફતેપુરા સહિતના તાલુકામાં મનરેગાની વહીવટી મંજૂરી પેટે બળવંત લબાનાએ રીતસર ટકાવારીનુ રેટ કાર્ડ નક્કી કરેલુ છે. વહીવટી મંજુરી અપાવવા પેટે જે કંઈ મહેનત કરવી પડે બળવંત લબાના કરાવતો અને તેની સામે ટેબલે ટેબલે તેના સ્ટાફને રોકડી કરાવતો. આથી લબાના જ્યાં નોકરી કરતો ત્યાં સ્ટાફને મજા કરાવતો એટલે વહીવટી મંજૂરીની ફાઈલ સળસળાટ દોડતી. હવે અહીં જે વિડિયો રજૂ કરીએ છીએ, એ જગ્યા ખાનગી કોમ્પ્લેક્ષની છે કે જ્યાં કોમ્પ્યુટર ઉપર ઓનલાઈન કામ થાય છે અને અહિ બળવંત લબાનાના માણસ મનરેગાની વહીવટી મંજૂરી લેવા ઈચ્છતા પાસેથી કેશમાં અપ્રમાણસર આવક મેળવી રહ્યા છે.

# દાહોદ જીલ્લામાં અલગ અલગ ત્રણ બનાવો : ૨૦ વર્ષીય યુવક સહિત ત્રણ જણે જીવન ટુંકાવ્યું

દાહોદ,

દાહોદ જીલ્લામાં છેલ્લા ચોવીસ કલાક દરમ્યાન મોતના જે તે પોલીસ સ્ટેશને નોંધાયેલ ત્રણ બનાવોમાં ૨૦ વર્ષીય છોકરા સહિત ત્રણ જણાને જીવતર ટુંકાવ્યાનું જાણવા મળ્યું છે. રાજસ્થાનના બાંસવાડા જીલ્લાના કુશલગઢ તાલવુકાના વાવડીપાડા ગામની મુળ વતરી અને હાલ દાહોદ લક્ષ્મીનગર સોસાયટીના ભાડાના મકાનમાં રહેતી ૩૯ વર્ષીય કલ્પનાબેન નરેશભાઈ માળીએ ગતરોજ બપોરના બે વાગ્યાના સુમારે કોઈ અગમ્ય કારણોસર લીમડી માછણ નાળાના પુલ પરથી માછણનાળાની નદીમાં મોતનો ભુસ્કો મારી દઈ મોત વ્હાલું કરી લીધું હતું. જેની લાશ મળી આવતા લીમડી પોલીસે લાશનો કબજો લઈ પંચો રૂબરૂ લાશનું પંચનામુ કરી લાશને પોસ્ટમોર્ટમ માટે લીમડી સરકારી દવાખાને મોકલી આપી આ સંદર્ભે સી.આર.પી.સી. ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળ વધુ તપાસ હાથ ધરી છે.

જીલ્લામાં અકસ્માત મોતનો બીજો બનાવ ધાનપુર તાલુકાના પાવ ગામે પટેલ ફળિયામાં બનવા પામ્યો હતો. જેમાં ધાનપુરના પાવ ગામના પટેલ ફળિયામાં રહેતા ૨૦ વર્ષીય કલ્પેશભાઈ કાળુભાઈ સંગોડ તેના મામાના ઘરે લગ્નમાં ગયો હતો અને ત્યાં તેમના ઘરથી થોડે દુર કોતરના ભાગે આવેલ બાવળીના ઝાડ પર દોરડું બાધી કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ મોત વ્હાલું કરી લીધું હતું.

આ સંબંધે મરણજનાર ૨૦ વર્ષીય કલ્પેશભાઈ સંગોડના પિતા ૫૦ વર્ષીય કાળુભાઈ વીરસીંગભાઈ સંગોડે ધાનપુર પોલીસ સ્ટેશને લેખીત જાણ કરતાં પોલીસે ઘટના સ્થળે દોડી દઈ ગ્રામજનોની મદદથી મરણજનાર કલ્પેશભાઈ સંગોડની લાશનું પંચનામુ કરી લાશને પોસ્ટમોર્ટમ માટે ધાનપુર સરકારી દવાખાને મોકલી આપી આ સંદર્ભે પોલીસે સી.આર.પી.સી ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાઘળો કરી આગળ વધુ તપાસ હાથ ધરી છે.

જ્યારે દાહોદ જીલ્લામાં અકસ્માત મોતનો ત્રીજો બનાવ દે.બારીયા તાલુકાના ટીડકી ગામે ભે–ભાર વાળા ખેતરમાં ગતરોજ સવારના સાડા દશ વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં ટીડકી ગામે મંદીર ફળિયામા રહેતા ૩૯ વર્ષીય હેતલબેન કીરીટભાઈ બારીયાએ કોઈ અગમ્ય કારણોસર પોતાના જ ગામના ભે–ભાર વાળા ખેતરમાં આંબાના ઝાડની ડાળીએ સાડી વડે ગળે ફાંસો ખાઈ મોત વ્હાલું કરી લીધું હતું.

આ સંબંધે મરણજનાર હેતલબેન બારીયાના પિતા કીરીટભાઈ શંકરભાઈ બારીયાએ દે.બારીયા પોલીસ સ્ટેશને લેખીત જાણ કરતાં આ સંદર્ભે પોલીસે સી.આર.પી.સી ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદની ધો-૧૦ની પરીક્ષામાં ચોરીના કિસ્સામાં ૨૯૯ છાત્રો સુનાવણી દરમિયાન દોષિત ઠર્યા

દાહોદ,

દાહોદ જિલ્લામાં ધો–૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા સમાપ્ત થયા બાદ પરીક્ષામાં કોઈ વિદ્યાર્થીએ ગેરરિતી કરી છે કે નહિ તે જાણવા માટે તેમની શંકાસ્પદ હિલાચાલો જોવા સીસીટીવી કેમેરાની ચકાસણી કરવામાં આવી હતી. ત્યારે ચકાસણી દરમિયાન ધો–૧૦ના ૨૯૯ છાત્રો ચોરી કરતા હોવાનુ જાણવા મળ્યુ છે. સુનાવણી દરમિયાન ચાર છાત્રો જે પોતાને નિર્દોષ સાબિત કરી શકયા હતા. દોષિત સાબિત થયેલા આ તમામનુ એક વિષયનુ પરિણામ રોકી દેવામાં આવશે.

દાહોદ જિલ્લામાં ધો–૧૦ના ૧૮ કેન્દ્રોમાં ૮૭ બિલ્ડિંગો ઉપર ૨૫,૪૨૮ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જ્યારે લીમખેડામાં ૧૧ કેન્દ્રોની અંદર ૪૨ બિલ્ડિંગોમાં ૧૩,૯૨૫ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. આ વિદ્યાર્થીઓમાંથથી કેટલાક વિદ્યાર્થીઓ વિવિધ કારણોસર ગેરહાજર રહ્યા હતા. પરીક્ષામાં કોઈ ક્ષતિ કે ગેરરિતી ન થાય તે માટે સીસીટીવી પણ ગોઠવી દેવામાં આવ્યા હતા. ત્યારે પરીક્ષા પુર્ણ થયા બાદ કયા વિદ્યાર્થીઓ દ્વારા ગેરરિતી કરવામાં આવી છે તે જાણવા માટે સીસીટીવી કેમેરાનુ ચેકિંગ કરવામાં આવ્યુ હતુ. તપાસ દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓ શંકાસ્પદ વર્તણુંક વાળા મળી આવ્યા હતા. જેમાં ધો–૧૦ના શંકાસ્પદ વર્તણુંકવાળા ૩૦૩ વિદ્યાર્થીઓને સુનાવણી માટે બોલાવવામાં આવ્યા હતા. જેમાં દાહોદ કેન્દ્રના ૧૮૨ વિદ્યાર્થીઓને સુનાવણીમાં બોલાવવામાં આવ્યા હતા. જેમાંથી માત્ર ૪ જ પોતાને નિર્દોષ સાબિત કરી શકયા હતા. જયારે ૧૮૬ સંતોષકારક પ્રત્યુત્તર આપી શકયા ન હતા. તેવી જ રીતે લીમખેડા કેન્દ્રના સુનાવણીમાં બોલવવામાં આવેલા ૧૧૭ વિદ્યાર્થીઓમાંથી એક પણ વિદ્યાર્થી પોતાને નિર્દોષ સાબિત કરી શકયો ન હતો. આ તમામને સીસીટીવી બતાવી ખુલાસાઓ પુછવામાં આવ્યા હતા. જોકે કુલ ૩૦૩ છાત્રોમાંથી માત્ર ૪ જ છાત્ર પોતાને નિર્દોષ સાબિત કરી શકયા હતા. જયારે ૨૯૯ વિદ્યાર્થીઓ પોતાની શંકાસ્પદ વર્તણુંક અંગે સંતોષકારક જવાબ નહિ આપી તેઓ ચોરી કરતા હોવાનુ આડકતરી રીતે સ્વિકારી લીધુ હતુ જેથી તેમને દોષિત ઠેરવવામાં આવ્યા હતા. આ દોષિત ઠરેલા તમામ વિદ્યાર્થીઓનુ એક વિષયનુ પરીણામ રોકવામાં આવશે તેવુ જાણવા મળ્યુ છે.

# દાહોદ નગર પાલિકા દ્વારા સ્વચ્છતા પ્રવૃત્તિ અભિયાન હાથ ધરાયું



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

તારીખ ૦૧ એપ્રિલને સોમવારના રોજ ગુજરાતના સ્થાપના દિવસથી દાહોદ નગરપાલિકા દ્વારા સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ડિવાઈન વેસ્ટ મેનેજમેન્ટ એન્ડ સર્વિસીસ ઈન્દોર નામની સંસ્થા ને પ્રાથમિક તબક્કે છ મહિના માટે કામ સોંપવામાં આવતા સફાઈ અભિયાન હાથ ધરવામાં આવશે.

દાહોદ જીલ્લાના મુખ્ય મથક દાહોદ શહેરમાં આજે સાંજના ૦૭:૦૦ કલાકથી સ્ટેશન રોડ ખાતે સ્વામી વિવેકાનંદ સર્કલ થી સ્વચ્છતાની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી. જેમાં દાહોદ નગર પાલિકાના પ્રમુખ રીનાબેન પંચાલ, પક્ષના નેતા રાજેશ સહેતાઈ, કારોબારી ચેરમેન લખન રાજગોર તથા સુધરાઈ સમિતિના સભ્યોની હાજરીમાં સફાઈ અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી અને સ્ટેશન રોડ વિસ્તારની દરેક દુકાનમાં જઈ સ્વચ્છતા અભિયાન અંતર્ગત પોતાની દુકાન અને આસપાસના વિસ્તારમાં કચરો ગમે ત્યાં ના નાખી ભીનો કચરો અને સૂકો કચરો બંને અલગ અલગ રાખવા સમજાવવામાં આવ્યું હતું અને આ એજન્સી દ્વારા સ્વચ્છતા અભિયાન સતત છ મહિના સુધી ચલાવવામાં આવશે જેથી દાહોદ નગરને વધુ સ્વચ્છ બનાવી શકાય.

# રાજસ્થાનના ભીલકુવા નજીક અકસ્માતમાં ત્રણ ઈજાગ્રસ્તોમાંથી એક મહિલાનું ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન મોત



દાહોદ,

દાહોદ જીલ્લાના લીમડી ગામના એક પરિવારના ત્રણ સભ્યો રાજસ્થાનના ઓરવાડા ખાતે કોઈ કામ અર્થે ગયા હતા અને ત્યાંથી કામ પતાવી સાંજના સમયે તેઓ પરત લીમડી ગામ ખાતે આવી રહ્યા હતા. તેવા સમયે ભીલકુવા નજીક વળાંકમાં તેમની સેન્ટ્રો કાર ઉભી હતી અને તે સમયે પાછળથી આવતી ઈકો ફોરવીલર ગાડીએ પાછળથી ધડાકા ભેર ટક્કર મારતા સેન્ટ્રો ગાડીમાં લીમડી ગામના સવાર ત્રણ લોકોને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને ઝાયડસ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમિયાન રાજેશ્વરીબેન રાજુભાઈ રાજપૂત, નામની મહિલાનું તારીખ ૧ મે ના રોજ મોત નિપજતા ઝાયડસ હોસ્પિટલ ખાતેથી પરીવાર જનોને ડેટબોડીનું પીએમ કરી અને સોંપવામાં આવી હતી.

# લીમખેડા હાટ બજારમાં એન્ટ્રી ફી મામલે રણધિકપુરના ઈસમને માર માર્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા નગરમાં પશુ હાટ બજારમાં એક વ્યકિતને હાટમાં પ્રવેશવાની એન્ટ્રી ફી મામલે પાંચથી છ શખ્સોએ ભેગા મળી પાઈપો વડે તેમજ ગડદાપાટુનો માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડતા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે. દાહોદ જિલ્લાના રણધિકપુર ગામે અનાજ ગોડાઉન પાછળ રહેતા અજીત યુસુફભાઈ ઘાંચી લીમખેડા નગરમાં પશુ હાટ બજારમાં ત્રણ જેટલા બકરાઓ લઈ વેચવા ગયા હતા. તે સમયે હાટ બજારમાં પ્રવેશવાની એન્ટ્રી ગેટ પર ઉભેલા ઉમેશ ભરવાડ નામના વ્યકિતએ અજીત ઘાંચી પાસેથી રૂ.૩૦ એન્ટ્રી ફી માંગી હતી. જેથી અજીત ઘાંચીએ ૫૦૦ રૂપિયાની નોટ આપી હતી. ઉમેશભાઈએ રૂ.૩૦ છુટા રૂપિયા તેની પાસે નથી અને તમે ૫૦૦ રૂપિયા લઈને મને પાવતી આપી દો અને પાવતીની પાછળ રૂ.૪૭૦ બાકી લખી દો, હુ પાછો લઈ જઈશ તેમ કહેતા ઉમેશ ભરવાડે કહેલ કે તમે રણધિકપુરવાળા બધા કોર્ટ કચેરી અને પોલીસ સ્ટેશન જવાની ટેવ ધરાવો છો, તમારી કાયમની માથાકુટ છે. તુ પાવતી લઈને પણ કોર્ટ–કચેરી અને પોલીસ સ્ટેશનમાં જઈશ, મારે તને હાટમાં પ્રવેશ આપવો નથી. જેના કારણે અજીત ઘાંચીએ ઉમેશ ભરવાડ વચ્ચે બોલાચાલી થઈ હતી. અને જોતજોતામાં ઉમેશ ભરવાડ અને તેની સાથે અન્ય પાંચથી છ જેટલા ઈસમો દોડી આવ્યા હતા અને અજીત ઘાંચીએ પાઈપો વડે અને ગડદાપાટુનો માર મારવા લાગ્યા હતા. ગંભીર ઈજાગ્રસ્ત અજીત ઘાંચીને તાત્કાલિક ધોરણે દાહોદની હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. સ્થાનિક પોલીસ શહીદ જિલ્લા પોલીસને થતાં પોલીસ કાફલો લીમખેડા હાટ બજાર તેમજ રણધિકપુર ખાતે કોઈ અનીચ્છનીય બનાવ ન બને તે માટે દોડી ગયો હતો. આ સંબંધે અજીત યુસુફભાઈ ઘાંચી દ્વારા ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લીમખેડાના ચેડીયા ગામે સ્કોર્પીયો ગાડી માંથી ૨.૨૮ લાખનો વિદેશી દારૂ સાથે ચાલકને ઝડપ્યો

દાહોદ,

દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના ચેડીયા ગામેથી દાહોદ એલ.સી.બી. પોલીસે એક સ્કોર્પીયો ફોર વ્હીલર ગાડીમાંથી રૂા. ૨,૨૮,૪૩૨ના વિદેશી દારૂના જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા. ૩,૭૮,૪૩૨ના મુદ્દામાલ સાથે ગાડીના ચાલકની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.

દાહોદ જીલ્લામાં પ્રોહીબીશન, જુગાર, નાસતા ફરતાં આરોપીઓને પકડી પાડવા માટે દાહોદ જીલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જીલ્લાની તમામ પોલીસ કામગીરી કરી રહી છે. ત્યારે દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે ગતરોજ મળેલ બાતમીના આધારે ચેડીયા ગામે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતાં તે સમયે ત્યાંથી એક સ્કોર્પીયો ફોર વ્હીલર ગાડી પસાર થઈ હતી. પોલીસે ફોર વ્હીલર ગાડીને જોઈ સાબદી બની હતી અને ગાડી નજીક આવતાની સાથેજ તેને ચારેય તરફથી ઘેરી લઈ ગાડીના ચાલક પંકજભાઈ રમણભાઈ પટેલ (રહે. અંતેલા, માળુ ફળિયું, તા. દેવગઢ બારીઆ, જી.દાહોદ) નાની અટકાયત કરી ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની કુલ બોટલો નંગ. ૧૬૮૦ જેની કુલ કિંમત રૂા. ૨,૨૮,૪૩૨ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા. ૩,૭૮,૪૩૨નો મુદ્દામાલ પોલીસે કબજે કરી ઉપરોક્ત ગાડીના ચાલક વિરૂદ્ઘ પ્રોહીબીશનનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ફતેપુરાના મોટા નટવા ગામે વૃદ્ધાને કોરોના સારવારથી મુકત થયા બાદ કલાકોમાં મોત

દાહોદ,

ફતેપુરા તાલુકાના મોટા નટવા ગામના ૮૫ વર્ષિય વૃદ્ધ વ્યકિતનુ કોરોનાથી મુકત થયાના કલાકોમાં જ મોત નીપજતા ખળભળાટ મચી જવા પામ્યો છે. જોકે આ કોરોના સંક્રમિત દર્દી છેલ્લા ૯ દિવસથી દાહોદના ઝાયડસ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. દાહોદ જિલ્લામાં ફતેપુરા તાલુકાના મોટાનટવા ગામના વ્યકિત પણ કોરોના સંક્રમિત આવતા તેઓને પણ સારવાર હેઠળ મુકવામાં આવ્યા હતા. કોરોના સંક્રમિત દર્દીઓના ટેસ્ટ સેમ્પલ માટે મોકલ્યા હતા. જે પૈકી ફતેપુરા તાલુકાના મોટા નટવા ગામના વૃદ્ધા કોરોનાના રિપોર્ટ નેગેટિવ આવતા તેઓ કોરોના મુક્ત થયા હતા. વૃદ્ધ સવારે કોરોના મુક્ત થયા બાદ સાંજે એકોએક તેમનુ ઓક્સિજન લેવલ ડાઉન થતાં તેઓનુ મોત નીપજ્યું હતુ. ઉલ્લેખનિય છે કે, મોટાનટવા ગામના ૮૫ વર્ષિય વૃદ્ધ ૨૦ એપ્રિલના શ્વાચ્છોશ્વાસની બિમારીથી પીડિત થતાં તેઓને અત્રેના હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. અને તેમના કોરોનાના રિપોર્ટ કરતા તેઓ કોરોના સંક્રમણની ચપેટમાં આવ્યા હોવાનુ સામે આવ્યુ હતુ. તેમનો રિપોર્ટ નેગેટિવ આવતા તેઓ કોરોના મુક્ત થયા હતા.

# સંજેલી ગામમાં પાંચ દિવસથી પાણીની સમસ્યાથી લોકો પરેશાન

સંજેલી,

દાહોદ જિલ્લાના સંજેલી નગરની ગ્રૃપ ગ્રામ પંચાયતનો વહીવટ છેલ્લા કેટલાય સમયથી ચર્ચાનો વિષય બન્યો છે. પંચાયત દ્વારા બાકી વેરાની કડક ઉઘરાણી કરવામાં આવતી નથી. જયારે પંચાયતોમાં તલાટી કમ મંત્રીની કાયમી જગ્યા નહિ ધરાતા વહીવટી ખાડે ગયેલ જોવા મળે છે.

સંજેલી પંચાયતમાં હાલમાં ઈન્ચાર્જ તલાટી કમ મંત્રી છે. હાલમાં પંચાયતની રૂ.૨૨ થી ૨૩ લાખ જેવી ઘરવેરાની ઉઘરાણી બાકી છે. જેના કારણે પંચાયતની આર્થિક સ્થિતિ ડામાડોળ જોવા મળે છે. તિજોરી તળિયાઝાટક જોવા મળે છે. નગરમાં ૧૪ જેટલા ફળિયાઓની સાફસફાઈ કરતા ૨૫ થી ૩૦ સફાઈ કર્મચારીઓનો પગાર, પંચાયતમાં ફરજ બજાવતા કલાર્ક, પટાવાળા, તેમજ ઉઘરાણી કલાર્ક સહિતના સ્ટાફનો પગારનો પ્રશ્ન પર પેચીદો બન્યો છે. કારણ કે સમયસર પગાર ન મળતા સફાઈ કર્મચારીઓ તેમજ વોટરવર્કસના કર્મચારીઓ છાશવારે હડતાળ ઉપર ઉતરી જાય છે. હાલમાં સંજેલી નગરમાં પંચાયતમાંથી પગાર ન મળતા છેલ્લા પાંચ દિવસથી નગરજનોને પાણી આપવાનુ બંધ કરી દેવાયુ છે. જેના કારણે લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. એક તરફ મેઈન બજારમાં રસ્તાનુ કામ ચાલુ છે. મુખ્ય બજારથી હોળી ચકલા ડિસ્લેરી ફળિયામાં પાણી વેચતા ટેન્કરો જવાની પણ જગ્યા ન હોવાથી પીવાના પાણી માટે લોકોને ખુબ જ અગવડ પડી રહી છે. બીજી તરફ નલ સે જલ યોજનાની કામગીરીમમાં જુના નળ તુટી જતા પણ લોકોને પાણીની તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. જેથી પંચાયત દ્વારા નગરજનોની પાણીની તકલીફ વહેલી તકે દુર કરાય તેવી માંગ ઉઠવા પામી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.214

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# દાહોદમાં આદિવાસીઓની જમીન પડાવી લેવા ભુમાફિયાઓ અધિકારીઓ પાસે

# ચેનકેન પ્રકારે એન.એ. હુકમો કરવામાં સફળ રહેતા હોય ત્યારે આવા એન.એ. હુકમોની તપાસ જરૂરી

ગોધરા,
મોજે શહેર કસ્બાની નોંધ નં.૧૩૦૭૬ વાળી મિલ્કતો મુળ આદિવાસીઓની ખુબ જ મોટા પ્રમાણની આવેલી છે. તે અંગે દાહોદના રે.સ.નં. ૯૬૩/૧ પૈકીની ૧ હે.આર. ચો.મી.૦-૪૧-૪૮ આકાર ૨.૬૬ વાળી જમીન ૭૩ એ.એ.ની આવેલી હતી પરંતુ જે તે સમયે દાહોદ ખાતે ફરજ બજાવતા સુજલ મયાત્રાઓએ પોતાની સહીથી સચિવ જીલ્લા પંચાયત કારોબારી સમિતી અને જીલ્લા વિકાસ અધિકારી દાહોદનાએ જા.નં.જી.પં.મહેસુલ/વશી/૧૩૯૮ તા.૨૭/૧૨/૨૦૧૭ હુકમમાં કોઈપણ જગ્યાએ આદિવાસીની નોંધ નં.૧૩૦૭૬ હુકમમાં કોઈ જગ્યાએ કરાવવામાં આવેલ નથી અને સુજલ મયાત્રા દ્વારા મોટાપ્રમાણમાં લાંચ રૂશ્વત લઈ દાહોદના ભુમાફિયાઓ વ્હોરા સમાજ તથા ઘાંચી સમાજનાઓ પાસે મોટી મોટી લાંચ રૂશ્વતો લઈ સ્થળ તપાસ નહીં તથા રેવન્યુ નોંધ ૧૩૦૭૬ મુળ આદિવાસીઓની નહી કરી (૧) ઈદરીશ અસગરભાઈ પીટોલવાલા, (૨) મન્સુર ગુલામ હુસેનભાઈ કાગદીના મેળાપીપણાંમાં જેઓ દાહોદ ખાતે મોટામાં મોટા બિલ્ડરોને ખોટો હુકમ કરી આપેલ છે. જેમાં સરકારનું કરોડોનું પ્રિમીયમ તથા મહેસુલ વિભાગ આદેશોનું અકમાણ ભારપૂર્વક કરાવવામાં આવેલ છે. જેનો ડીએચડી-૩૫૧૦/૨૫-૩૯ બાબતે તપાસ થાય તેવી દાહોદના આદિવાસીઓની માંગો ઉઠવા પામેલ છે. જે યોગ્ય બાબતે ઝીણવટ ભરી તપાસ કરી શરતભંગ કરી કરાવી સરકારી રાહે કાર્યવાહી થાય.

આમ, આવી બીજી આદિવાસીઓની નોંધ નં.૧૩૦૭૬માં સુજલ મયાત્રા દ્વારા જાવક નં.જી.પં.મહેસુલ/વશી/૩૭૪ થી તા.૧૫/૦૨/૨૦૧૮ જેનો રે.સ.નં.૯૬૩/૨ પૈકી ૧ની હે.આર.ચો.મી.૦-૩૦-૩૫ આકાર રૂા.૧-૬૩માં પણ આદિવાસીઓની નોંધ નં.૧૩૦૭૬નો ઉલ્લેખ કરી કરાવવામાં કરવામાં આવેલ નથી. ડીએચડી/૩૫૧૦/૨૯-૩૯ થી પણ સુજલ મયાત્રા દ્વારા મોટાપ્રમાણની લાંચો લઈ રેવન્યુ રેકર્ડ તથા વહીવટી રુલ્શ વિરૂદ્ધનો હુકમ કરેલ છે. જેમાં પણ દર્શાવેલ ઈસમો દ્વારા કરોડોનું નુકશાન થાય છે. જેથી તેઓ સામે યોગ્ય કાર્યવાહી કરવાની માંગો ઉઠવા પામેલ છે.

આમ, આવા પ્રકારની કાર્યવાહી કે બિનખેતીની કરતા પહેલા તમામ મુળ નોંધો સાથે રિપોર્ટ કરવાાના થાય છે. તેમજ બિનખેતી કરાવનાર પાસે સોગંદનામું સાથે ટોચ મર્યાદાનું લેવું પડે છે અને મુળના ખેડુત પુરાવા પણ ખેડુત અંગેના લેવાની સરકારશ્રીની જોગવાઈઓ હોય આવી કોઈ જોગવાઈઓ બિનખેતી હુકમો કરતાં પહેલા સુજલ મયાત્રા દ્વારા હુકમ કરાવનાર (૧) ઈદરીશભાઈ અસગરભાઈ પીટોલવાલા તેમજ (૨) મન્સુરઅલી હુસેનભાઈ કાગદી, (૩) મન્સુર ગુલામ હુસેન કાગદી તેઓ મુળ ખેડુતો છે કે નહીં તે તપાસનો વિષય છે. અને આ ભુમાફિયા દાહોદમાં કયા કયા વિસ્તારોમાં સરકારહિત નુકશાની કરતી જમીનો ધરાવે છે. જો જીલ્લા કલેકટર અને પ્રાંત અધિકારી દાહોદ આ બાબતે યોગ્ય તપાસ કરે તો કેટલાક ઈસમો સરકારને નુકશાન કરનારાઓ અને બિનખેડુતો દાહોદ ખાતે મળી આવે તેમ છે. આમ, ભુમાફિયાઓ તથા મહેસુલી કર્મચારીઓ, અધિકારીઓના તમામ પ્રકારની ગેરરીતિઓ તપાસ દરમિયાન અનેક મળી આવે તેમ છે. પરંતુ કેટલા દાહોદના ભુમાફિયાઓ દ્વારા મુળના જો કોઈપણ મહેસુલી રાહે કાર્યવાહી કોઈપણ પ્રકારની થાય તો ખેડુતો પુરાવા રજુ થાય તો કેટલા બિનખેડુતો દાહોદ ખાતે બહાર આવે તેમ છે. આ આવી પ્રકારની આદિવાસીઓની જમીનોમાં ભુમાફિયાઓ દાહોદ થી પંચમહાલ સુધી જમીનો લે-વેચ કરી કરાવી અનેક પ્રકારની શતરંજની ચાલો ચાલી ખોટા ખોટા હુકમો દાહોદ રેવન્યુ વિભાગમાં થાય તેવી જોરશોરમાં ચર્ચાઓની પણ ચર્ચા દાહોદ ખાતે અવારનવાર કાને આવે છે. પરંતુ જો મહેસુલ વિભાગ વિજીલન્સ ગાંધીનગરની ખોટા હુકમો ગેરરીતિઓ તપાસ કરવાની સરકાર દ્વારા આપવામાં આવેલ છે. આ તપાસની વિગતો જીલ્લા કલેકટર દાહોદ કરી કરાવી સરકારનું નુકશાનની ભરપાઈ કરાવશે કે કેમ તે જોવાનું રહ્યું.

## પંચમહાલમાં જીલ્લાનું ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૪૪.૯૧ ટકા નોંધાયું

ગોધરા,
પંચમહાલ જિલ્લાનું ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થયું છે. જિલ્લામાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૪૪.૯૧ ટકા જેટલું ઓછું પરિણામ નોંધાયું છે. સૌથી વધુ ગોધરા કેન્દ્રનું ૪૯.૩૩ ટકા પરિણામ અને સૌથી ઓછું હાલોલ કેન્દ્રનું ૩૯.૬૯ ટકા પરિણામ આવ્યું છે. પંચમહાલ જિલ્લામાં અ૧ ગ્રેડમાં એકપણ વિદ્યાર્થી નહીં, જ્યારે અ૨ ગ્રેડ મેળવનાર માત્ર એક વિદ્યાર્થી છે. જિલ્લામાં ઊંચું પરિણામ મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા માત્ર ૮૮૨ જિલ્લામાં આવેલા પરિણામને પગલે વિદ્યાર્થીઓમાં કહી ખુશી કહી ગમ જેવો માહોલ જોવા મળી રહ્યો છે. રાજયના શિક્ષણ વિભાગ દ્વારા ગત માર્ચ માસમાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાઓ યોજવામાં આવી હતી. ત્યારે આજે ટૂંકા ગાળામાં શિક્ષણ વિભાગ દ્વારા પરિણામો જાહેર કરી દેવામાં આવ્યાં છે. ઓનલાઈન માધ્યમની સાથે સાથે ચાલુ વર્ષે વોટસએપ દ્વારા વિદ્યાર્થીઓને પરિણામ જાણી શકવાનો અભિગમ અપનાવવામાં આવ્યો હતો. પરિણામ જાહેર થતાંની સાથે જ વિદ્યાર્થીઓ પોતાના પરિણામ જાણવા માટે મોબાઈલ ફોન અને કોમ્પ્યુટર પાસે બેસી ગયા હતા. પંચમહાલ જિલ્લાના પરિણામની વાત કરવામાં આવે છે તો જિલ્લામાં ચાલુ વર્ષે માત્ર ૪૪.૯૧ ટકા જેટલું પરિણામ નોંધાયું છે.

પંચમહાલ જિલ્લામાં ગોધરા અને હાલોલ એમ બે કેન્દ્રો પર વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાઓ યોજવામાં આવી હતી. જેમાં ગોધરાના પરીક્ષા કેન્દ્રો પર નોંધાયેલા ૧૨૦૭ પરીક્ષાર્થીઓ પૈકી ૧૨૦૨ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી. જયારે હાલોલ કેન્દ્ર પર નોંધાયેલા ૫૭૪ પરીક્ષાર્થીઓપૈકી ૫૭૨ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી. પરિણામની વાત કરવામાં આવે તો ગોધરા કેન્દ્રનું ૪૯.૩૩ ટકા પરિણામ આવ્યું છે. જયારે હાલોલ કેન્દ્રનું ૩૯.૬૯ ટકા પરિણામ નોંધાયું છે. એટલે કે પંચમહાલ જિલ્લાનું સરેરાશ પરિણામ ૪૪.૯૧ ટકા નોંધાયું છે.

## મોરવા(હ)ના મોરા ગામમાં ભરઉનાળે કમોસમી વરસાદથી ચોમાસા જેવો માહોલ



શહેરા,
મોરવા હડફ તાલુકાના મોરા ગામ સહિત આજુબાજુના વિસ્તારમાં ઉનાળામાં મેઘરાજા મહેરબાન થતા લોકોને ચોમાસા જેવો માહોલ જોવા મળ્યો હતો. જયારે મોરા ગામના મેઈન બજારમાં નવીન બનેલ કોમ્પ્લેક્સ પાસે પસાર થતા રસ્તા ઉપર બે ફૂટ જેટલા વરસાદી પાણી ભરાઈ જતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા.

પંચમહાલ ના મોરવા હડફ તાલુકા વિસ્તારમાં વાતાવરણ માં પલટો આવવા સાથે વાદળ છાયું વાતાવરણ સર્જાયું હતું. જયારે મોરા ગામ સહીત આજૂબાજૂના વિસ્તારમાં ધોધમાર વરસાદ શરૂ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરવા સાથે લોકોને ગરમી માંથી રાહત મળી હતી. મોરા ગામના મેઈન બજારમાં ઉનાળા માં મેઘરાજા વધુ મહેરબાન થતા નવીન બનેલ કોમ્પ્લેક્સ પાસે પસાર થતા રસ્તા ઉપર બે ફૂટ જેટલા વરસાદી પાણી ભરાઈ જતાં અહીંથી પસાર થતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. પાણી ભરાઈ ગયેલ રસ્તો દસ કરતા વધુ ગામ તરફ જતો હોવા સાથે વાહન ચાલકો ગમે તે રીતે અહીંથી પસાર થતા જોવા મળી રહ્યા હતા. હાલ ઉનાળા માં પડેલ કમોસમી વરસાદ થી રસ્તા પર બે ફૂટ સુધી પાણી ભરાઈ ગયું હોય તેના જોતા આવનાર ચોમાસામાં શું પરિસ્થિતિ સર્જાશે તે તો જોવું જ બની રહ્યું છે. આ વિસ્તારમાં અચાનક આવેલા વરસાદના કારણે લગ્ન પ્રસંગ માટે બાંધવામાં આવેલા મંડપ પલડી જવા સાથે લોકો ભારે ચિંતિત થઈ ઉઠયા હતા. હાલ તો આ બદલાયેલા વાતાવરણ સાથે વરસાદ થતાં બાજરી સહીતના અન્ય પાકને લઈને ખેડુતો ચિંતિત થઈ ઉઠયા હતા.

## કાલોલના શકિતપુરા થી રાજપુર પાસે આવેલ ગ્રેડ વચ્ચે ગાબડાંને લઈ સાઈડના રોડ પસાર થતાં લોકો માટે જોખમી

કાલોલ,
કાલોલ શક્તિપુરા ગેટ થી હાલોલ રાજપુર પાસે આવેલા ગેટ વચ્ચે બે મસમોટા ગાબડાંનું સર્જન થયું છે. કાલોલ હાલોલ વચ્ચેથી પસાર થતી નર્મદા કેનાલમાં અવાર નવાર ગાબડાં જોવા મળતા હોય છે. તંત્રની લાપરવાહીને કારણે ખેડુતો અને નજીકમાં રહેતાં રહીશો તેમજ સાઈડ પરના રોડ પરથી પસાર થતાં અનેક મુસાફરો માટે પણ જોખમ ઉભું થઈ શકે છે. ૨૬૮૩ કયુંસેક્સ પાણીને પ્રતિ મિનિટમાં ૧૦૦ મીટર વહન કરવાનો ફોર્સ ધરાવતી અને બંને તરફ ઊંડા સ્લોપ હોવાથી કેનાલની બંને તરફ ઓછી પહોળાઈ ધરાવતી દિવાલોવાળી આ કેનાલની દિવાલોના સ્લેબમાં અનેક ઠેકાણે મોટા મોટા ગાબડાંઓ પડી જતા કેનાલના પાળો ધોવાઈ જવાનો પણ ભય ઊભો થયો છે. ઉલ્લેખનીય એ છે કે કેનાલની બંને સાઈડો પર રોડ આવેલો છે અને આ રોડ પરથી રાત-દિવસ વાહન વ્યવહારથી ધમધમતો રહે છે. જો પાણીના વધુ પ્રવાહથી ગાબડામાં પાણીનો પ્રવાહ વધે તો સાઈડ પરના રોડની નીચે ગાબડું પડે તો મોટો અકસ્માત પણ સર્જાઈ શકે છે. જો પાણી વહીને આસપાસ ફરી વડે તો નજીકમાં વસવાટ કરતાં પરિવારો અને ખેડૂતોનાં ખેતરોમાં ફરી વડે તો ખેડૂતોને પણ નુકશાન સર્જાય તેવી પરિસ્થિતિ સર્જાય છે. નર્મદા નિગમનાં કર્મચારીઓ અને અધિકારીઓના સતત પેટ્રોલિંગ પછી પણ નર્મદા કેનાલમાં પડેલા મસમોટા ગાબડાંઓ કર્મચારી કે અધિકારીઓનાં ધ્યાને કેમ નથી આવી રહ્યાં ? કે અધિકારીઓ મોટા અકસ્માતની રાહ જોઈ રહ્યાં છે.

## શહેરાના નવા વલ્લભપુર નાયક ફળીયા અને રાજપૂત ફળીયાની પાણીની સમસ્યાને લઈ જે.બી.સોલંકી એ લેખિત રજુઆત કરી



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા તાલુકાના નવા વલ્લભપુર ગામના નાયક ફળિયા અને રાજપુત ફળિયામાં પાણી સમસ્યાને લઈને વાડી તાલુકા પંચાયત સદસ્ય જે.બી. સોલંકી એ મદદનીશ તાલુકા વિકાસ અધિકારી કિરણ સોલંકીને લેખિતમાં રજૂઆત કરી હતી. જયારે પાણીની સમસ્યા સાત દિવસમાં હલ નહી થાય તો ઉપવાસ પર બેઠવાની ચીમકી ઉચ્ચારી હતી.

શહેરા તાલુકાના નવા વલ્લભપુર ગામમાં પાણી પુરવઠાની અનેક યોજના હોવા છતાં હજુ પણ આ ગામના અમુક વિસ્તારમાં પાણી સમસ્યા હોવાથી આ વિસ્તારની મહિલાઓ હેરાન પરેશાન છે. જયારે વાડી તાલુકા પંચાયત સદસ્ય જશવંતસિંહ બળવંતસિંહ સોલંકી એ પોતાના સમર્થકો સાથે તાલુકા પંચાયત કચેરી ખાતે આવીને મદદનીશ તાલુકા વિકાસ અધિકારી કિરણસિંહ સોલંકીને આ ગામના નાયક ફળિયા અને રાજપુત ફળિયામાં નલ સે જલ યોજનાનું પાણી નહીં મળતા લેખિતમાં રજૂઆત કરી હતી. સાથે તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા જે.બી. સોલંકી એ આ ગામની પાણી સમસ્યા સાત દિવસમાં હલ નહિ થાય તો ઉપવાસ પર બેઠવાની ચીમકી ઉચ્ચારી હતી. નલ સે જલ યોજનાની કામગીરી તાલુકાના અનેક ગામોમાં પૂર્ણ થવા છતાં હજુ પણ અમુક ગામોમાં આ યોજનાનું પાણી નહીં મળતુ હોવાની બુમો ઉઠી રહી હોય ત્યારે સંબંધિત તંત્ર દ્વારા પોતાની નૈતિક ફરજ સમજીને ગ્રામીણ વિસ્તારની મુલાકાત લઈને પાણી સમસ્યા હલ થાય તેવા પ્રયાસો કરવામાં આવે તે પણ જરૂરી છે.

## ગુજરાત સ્થાપના દિન નિમિતે હાલોલ શહેરને મળેલ ૧૮૧ અભયમ વાન



હાલોલ,
ગુજરાત રાજ્યના ૬૩ માં સ્થાપના દિન નિમિતે ગુજરાત સરકારશ્રીના મહિલા અને બાળ વિકાસ વિભાગ ગાંધીનગર અને ગૃહ વિભાગ તરફ થી પંચમહાલ અભાયમ ટીમને રેસ્કયુ વાનની હાલોલ ખાતે વધુ એક ભેટ મળી છે. હવે જિલ્લાની દુર્ગમ અને અંતરીયાળ વિસ્તારની પીડિત મહિલાઓને અભ્યમ ટીમ દ્વારા ત્વરિત મદદ માર્ગદર્શન અને બચાવની ઝડપી કામગીરીનો લાભ મળશે. આ પ્રસંગે હાલોલના ધારાસભ્ય જયદ્રથસિંહ પરમારે શુભેચ્છા પાઠવતાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર તરફથી અભ્યમ વાનના શુભારંભ થી પંચમહાલ જિલ્લાની પીડિત મહિલાઓને ઝડપી સેવાઓ મળશે.

વધુમાં અભ્યમ સ્ટેટ પ્રોજેક્ટ હેડ નરેન્દ્રસિંહ ગોહિલે સેવાઓ સંદર્ભે વિગતવાર માહિતી આપી હતી. આ પ્રસંગે હાલોલ ડી.વાય.એસ.પી. વી.જે.રાઠોડ દ્વારા આ વાનની ચાવી અભ્યમ ટીમને સોંપાઈ હતી. જયારે મહિલા પોલીસ ઈન્સ્પેક્ટર એસ.વી. બુઢિયા દ્વારા ફ્લેગ ઓફ આપી અભ્યમમ સેવાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મહિલા અને બાળ વિકાસ અધિકારી માધવીબેન ચૌહાણ, પોલીસ ઈન્સ્પેક્ટર રવિરાજ સિંહ જાડેજા, હાલોલ તાલુકા પંચાયત પ્રમુખ મહેન્દ્રસિંહ ચાવડા, પ્રવીણસિંહ પરમાર વિગેરે મહાનુભાવ ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા બામરોલી ચોકડી પાસે બે ગાડીઓ વચ્ચે અકસ્માત થતાં ચાલક અને મહિલાને સામાન્ય ઈજાઓ

ગોધરા,
ગોધરા હાઈવે બાયપાસ રોડ બામરોલી ચોકડી પાસે વેગેનાર ગાડીના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી અરટીગા ગાડીને ટકકર મારતાં બે પલ્ટી મારી ગયેલ ગાડીમાં સવાર ચાલક અને મહિલાને નાની-મોટી ઈજાઓ કરી ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા હાઈવે બાયપાસ રોડ બામરોલી ચોકડી પાસેથી પુરઝડપે વેગેનાર ગાડી નં.જીજે.૧૭.બીએચ. ૬૬૯૮ના ચાલકે હંકારી લાવી અરટીંગા ગાડીને ખાલી સાઈડે ટકકર મારતાં ગાડીએ પલ્ટી ખાઈ ગઈ હતી. જેને લઈ ગાડીમાં સવાર ચાલક દિક્ષીતભાઈ અમૃતભાઈ તથા પાર્વતીબેન રાયસીંગ બારીયાને શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચાડી તેમજ સરકારી સીસી ટીવીના વિશ્વાસ પ્રોજેકટના ઈન્સ્ટોલ કેમેરા તથા પોલને નુકશાન કરી ગાડી લઈ નાશી જઈ ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાવા પામી.

## પાવાગઢ વડા તળાવ પાસે બાઈક અને છકડા વચ્ચે અકસ્માતમાં છકડો પલ્ટી જતાં મુસાફરોને ઈજાઓ



પાવાગઢ,
વડોદરાના ગોત્રી થી મોટરસાયકલ લઈ પાવાગઢ દર્શન કરવા આવેલા બે યાત્રિકોને પાવાગઢના વડા તળાવ નજીક પેસેન્જર ભરેલી છકડાએ ટક્કર મારતા અકસ્માત થયો હતો. અકસ્માત બાદ છકડો પલટી ખાઈ જતા તેમાં ખીચો ખીચ ભરેલા મુસાફરો પણ ઈજાગ્રસ્ત થયા હતા. જે તમામ ઈજાગ્રસ્તોને હાલોલ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર માટે લાવવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન એક મહિલાને ગંભીર ઈજાઓ થતા તેને વધુ સારવાર માટે વડોદરા રીફર કરવામાં આવી હતી. વડોદરાના ગોત્રી વિસ્તારમાં રહેતા ગૌરાંગ પરમાર તેઓના મિત્ર સાથે આજે પાવાગઢ માતાજીના દર્શનાર્થે આવ્યા હતા અને દર્શન કરીને પરત ફરતી વેળાએ તેઓની બાઈકને છકડા ચાલકે અડફેટે લેતા વડા તળાવ નજીક અકસ્માત નડ્યો હતો. જેમાં તેઓને સામાન્ય ઈજાઓ પહોંચી હતી, પરંતુ ખીચો ખીચ પેસેન્જર ભરીને જઈ રહેલો ખાનગી છકડો પલટી ખાઈ જતા તેમાં સવાર અનેક મુસાફરો ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને હાલોલ રેફરલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. જ્યાં જીતપુરા ગામની મહિલા લીલાબેન ગણપતસિંહ પરમારને ગંભીર ઈજાઓ થતા તેઓને વધુ સારવાર માટે વડોદરા રીફર કરવામાં આવ્યા હતા. અકસ્માત બાદ ઘટનાસ્થળે લોક ટોળાં એકત્ર થઈ ગયા હતા. છકડા ચાલક અકસ્માત બાદ છકડો લઈ ત્યાંથી ભાગી છૂટ્યો હતો.

## આનંદી અને પાનમ સંગઠન દ્વારા મનરેગા અંતર્ગત કામગીરી આપવા માંગ

ગોધરા,
આંતરરાષ્ટ્રિય શ્રમિક દિવસ નિમિત્તે આનંદી અને પાનમ સંગઠનના નેજા હેઠળ મહિલાઓને મનરેગા હેઠળ કામ ફાળવવા માંગણી કરવામાં આવી છે. ગોધરા જિલ્લા ગ્રામ વિકાસ નિયામકને રજુઆત કરવા માટે મહિલાઓ આવી હતી પરંતુ મહિલાઓને નિયામક ઉપસ્થિત નહિ મળી આવતા એપીઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. આંતરરાષ્ટ્રિય શ્રમિક દિન નિમિત્તે પંચમહાલ જિલ્લાને ઘોઘંબા ખાતે કાર્યરત આનંદી સંગઠન અને શહેરા ખાતે કાર્યરત પાનમ સંગઠનના નેજા હેઠળ કામ કરતી જાગૃત મહિલાઓ અને શ્રમિક મહિલાઓ પોતાને મનરેગા હેઠળની કામગીરી મળી રહે તે માટે વારંવાર તાલુકાકક્ષાએ અને ધારાસભ્ય સહિતને રજુઆત કરવા છતાં ઘોઘંબા તાલુકામાં આજદિન સુધી રજુઆતકર્તા શ્રમિક મહિલાઓને કામગીરી ફાળવવામાં આવી નથી. તેમજ વહીવટી મંજુરી પણ આપવામાં આવી નથી. જેથી જિલ્લા ગ્રામ વિકાસ અધિકારીને આ અંગે રજુઆત કરવા માટે મહિલાઓ ગોધરા ખાતે આવી હતી. દરમિયાન નિયામક ઉપસ્થિત મળી નહિ આવતા તેઓએ પોતાની રજુઆત ઉપસ્થિત એપીઓને કરી હતી. દરમિયાન શહેરા તાલુકાની મહિલા અગ્રણિએ જણાવ્યુ હતુ કે, તેઓને હાલ કામગીરી મળી છે. પરંતુ મસ્ટર ઓનલાઈનની પ્રક્રિયામાં ખુબ જ તકલીફ પડી રહી છે સાથે મનરેગા યોજનાના મસ્ટરની કામગીરી અંગ્રેજીમાં છે જેને શ્રમિકો ગુજરાતી હોવાથી ગુજરાતી ભાષામાં અનુસરવામાં આવે એવી પણ તેઓ દ્વારા માંગણી કરવામાં આવી રહી છે.

## હાલોલના દાવડા સ્વામીનારાયણ સોસાયટીમાં રહેતી ૩૫ વર્ષીય મહિલાએ એસીડ પી જતાં સારવાર દરમિયાન મોત

હાલોલ,
હાલોલ સ્વામીનારાયણ સોસાયટી દાવડા ખાતે રહેતી ૩૫ વર્ષીય મહિલાએ અગમ્યકારણોસર એસીડ પી જતાં દવા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ સ્વામીનારાયણ સોસાયટી દાવડા ખાતે રહેતા જયોત્સાનાબેન નિલેશભાઈ ચાંચીયા (મુળ. રહે. વેરડી પ્લોટ, પોરબંદર) ૨૭ એપ્રિલના રોજ કોઈ અગમ્યકારણોસર એસીડ પી જતાં દવા સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

## હાલોલના તરખંડા ગામે ચાર દિવસથી પાણી નહિ મળતા ગ્રામજનોને હાલાકી

હાલોલ,,
હાલોલ તાલુકાના તરખંડા ગામે ચાર દિવસથી નર્મદા યોજનાનુ પાણી નહિ મળતા લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે તો બીજી બાજુ પાણીની ટાંકી પાસેના સંપમાંથથી છલકાઈને હજારો લીટર પાણીનો વ્યય થતો હોવાનુ જોવા મળ્યુ છે. હાલોલ તાલુકાના તરખંડા ગામમાં આશરે ૨૦/૨૨ વર્ષ પહેલા પાણીની ટાંકી અને સંપ બનાવવામાં આવ્યો હતો જે ટાંકી અને સંપ છેલ્લા ઘણા વર્ષોથી બિનઉપયોગી જોવા મળે છે. પરંતુ છેલ્લા ૩/૪ દિવસથી અચાનક આ સંપમાંથી હજારો લીટર પાણી છલકાઈને વ્યર્થ થઈ રહ્યુ છે. જયારે ગામના રહિશોને ૩-૪ દિવસથી પાણી નહિ મળતા ઘર વપરાશ તેમજ પશુઓને પીવડાવવા માટે ભારે મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવ્યો છે. ગામની મહિલાઓ બેડાઓ લઈને આ સંપમાંથી છલકાઈને વ્યર્થ થઈ રહેલ પાણી ભરવા મજબુર બની છે. જોકે સંપમાંથી છલકાઈને નકામુ વહી જતુ પાણી અટકાવવા પંચાયતના વોર્ડ નં-૩ના સભ્યએ લાગતા વળગતાને મોબાઈલ ફોનથી જાણ કરતા મુખ્ય લાઈનમાંથી સંપમાં આવતો પાણીનો પ્રવાહ રોકી દેવામાં આવ્યો હતો. તરખંડા ગામમાં બે-બે પાણીની ટાંકી અને બે-બે સંપ બનાવવામાં આવ્યા હોવા છતાં લોકોને ભર ઉનાળે પાણી માટે વલખા મારવાનો આવ્યો છે.